# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી**, ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર—૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી ભેટ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વરવાણી યજ્ઞનો વિચાર | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત— | | |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ(૬) | પૂ.મા શ્રી સર્વેશ્વરી | ૯ |
| પૂ.મા સર્વેશ્વરીનું આંતર ઐશ્વર્ય | પ્રો.તરલાબેન દેસાઇ | ૧૨ |
| યાત્રા માટે મદદ | યોગેશ્વરજી | ૧૭ |
| કેવી છે સારવાર! મહેકી ગયું જીવન! | ડૉ. શરદ ઠાકર | ૨૦ |
| અઢળક ઢળિયોરે સામળિયો | કલ્યાણ | ૨૬ |
| સૂર્યનારાયણ યાત્રા ૨૦૧૪(૨) | મા સર્વેશ્વરી | ૩૦ |
| અંતરનો અનુરાગ | પ્રો. તરલા દેસાઇ | ૩૫ |
| આપણી પ્રાર્થનાનો ઓરડો | નીલમ દોશી | ૪૦ |
| ભેટ પછી પશ્ચાતાપથી શું વળે? | ડૉ.આઇ.કે.વિજળીવાળા | ૪૪ |
| પૂ.માની હરિદ્વાર યાત્રા | મયૂરી ટેલર | ૫૦ |
| મસૂરીના સત્કર્મોમાં શ્રીજગુભાઇના બાળકોનો મોટો ફાળો | રાજુ જાની | ૫૬ |
| પાકિસ્તાન ભારતીય રીતે યોગ શીખી રહ્યું છે | શમ્મી સરીન | ૬૦ |
| મારું પુસ્તક યુવાનોમાં છુપાયેલા વિજ્ઞાનીને બહાર લાવશે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એપીજે અબ્દુલ કલામ સાથે વાતચીત | | ૬૨ |

# સદ્‌ભાવભરી ભેટ

વિદેશની ધરતી ઉપર પ્રથમ શિબિર, કર્પૂરવન સંનિધિ પર્વ, કર્પૂરવન ૐમા પ્રાથમિક શાળા, સાયકલ યાત્રા તથા જયપુર ફૂટ જેવાં અનેક સત્કર્મો જેમના હાથે થઇ રહ્યાં છે.

તે કર્પૂરવનના મા પરિવારનાં વડીલો ને બાળકો

૧. શ્રી શારદાબેન,

૨. શ્રી રમેશચંદ્ર,

૩. શ્રી જગદીપ ભક્ત,

૪. શ્રી નયના ભક્ત.

તરફથી આ અંક પ્રકાશિત થઇ રહ્યો છે.

સર્વમંગલ, સ્વર્ગારોહણ, અધ્યાત્મના એ સાચા સ્વજનને અભિનંદન.

**—મા સર્વેશ્વરી**



# શ્રી યોગેશ્વરવાણી—યજ્ઞનો વિચાર

**—યોગેશ્વરજી**

મને મારા વિવિધ પ્રવાસ દરમ્યાન કેટલાક માણસો દ્વારા પુછવામાં આવે છે કે યજ્ઞ વિશે મારો શો અભિપ્રાય છે આજે જે લાખો કે હજારો રૂપિયાને ખર્ચે જુદા જુદા યજ્ઞો થાય છે તે બાબતમાં મારો શો મત છે મારી સમજ પ્રમાણે હું તેમને ઉત્તર આપું છું ને કહું છું કે પ્રાચીન કાળમાં થતા ને આજે પણ કેટલીક વાર સંત સાધુ કે ગૃહસ્થી દ્વારા કરાવાતા મોટા પાયા પરના યજ્ઞો આજને માટે જરૂરી નથી. આ યજ્ઞોમાં હજારો મણ અનાજ તથા ઘી હોમી દેવામાં આવે છે ને લાખો લાકડાંની નકામી ભસ્મ બની જાય છે. યજ્ઞોમાં આપવામાં આવતી દક્ષિણા દ્વારા હજારો રૂપિયા નકામા જાય છે, ને તે પછી કે તે દરમ્યાન થતાં મિષ્ટાન્નોનો વ્યર્થ વ્યય તો જુદો. આખરે આ યજ્ઞોનું પરિણામ પણ શું છે? વિશ્વશાંતિ માટે યજ્ઞો ઘણા થાય છે, પણ તેના પરિણામે ઉત્તરોત્તર અશાંતિ જ વધતી જાય છે. યજ્ઞો કરનારામાં નિષ્કામ બુદ્ધિ કે ઈશ્વરપરાયણતા કયાં છે? આજે તો નામના ને વાહવાહ કે દ્રવ્યને માટે જ યજ્ઞો થાય છે. અસલના ઋષિઓ યજ્ઞની શરૂઆતમાં મંત્રદ્વારા અગ્નિદેવનું આહ્વાહન કરતા આજે એવા પુરુષો છે? ને હોય તો કેટલા? આ બધાની સાથે યજ્ઞને નામે કરોડો કે લાખો પણ મણ ઘી ને અનાજનો થતો વ્યય આજના કપરા કાળમાં ઈચ્છવાયોગ્ય છે ખરો? યજ્ઞને નામે લાખો રૂપિયાની આ રીતે બરબાદી કરવા કરતાં કોઈ બીજે વધારે સારા

માર્ગે તે રૂપિયાને ના ખરચી શકાય? યજ્ઞ જો શાંતિ, આત્મિક શક્તિ કે સિદ્ધિ માટે હોય તો તે બધાની પ્રાપ્તિનો કોઇ સરળ, ઓછો ખર્ચાળ ને બુદ્ધિગમ્ય માર્ગ નથી કે યજ્ઞના જ માર્ગનો તે માટે આધાર લેવો પડે? આ બધા પ્રશ્નોનો બરાબર વિચાર કર્યા પછી હું કહું છું કે પ્રાચીન કાળમાં યજ્ઞનું સ્વરૂપ ગમે તે હોય, દાન પણ તે સમયે ગમે તેવું અપાતું હોય, આજે તો યજ્ઞ ને દાનના પ્રકારોમાં સમય પ્રમાણે ફેરફાર થવા જ જોઇએ. દુનિયામાં હજારો માણસો દરિદ્ર છે, ભુખે ટળવળે છે ને ઘરબહાર વિના ફરે છે : હજારો વિધવાઓ અસહાય દશામાં જીવન ગુજારે છે : કેટલાય વિદ્યાર્થીઓને ભણવું છે પણ પૂરતી આર્થિક મદદ વિના ભણી શકતા નથી : કેટલાક તો આશ્રય વિનાના ને અનાથની જેમ ફરે છે ને પાછળથી ચોરી જેવા અનેક ગુનાઓ શીખે છે. ગરીબાઇ તેમજ અજ્ઞાન ને છૂપી પાપવૃત્તિને લીધે લાખો બેનોના વેપાર થાય છે, ને તેમની પવિત્રતા નષ્ટ કરવામાં આવે છે. તેવી કેટલીય બેનો ઉઘાડે છોગે દુકાનો માંડીને ભારત ને વિશ્વનાં નાનાંમોટાં શહેરોમાં બેઠી છે. કેટલીક દિવાલો પાછળની ગંદી દુનિયામાં ચિત્કાર ને આહ નાખતી બેઠી છે. બેકાર ને મજુરી શોધતા હજારો માણસો કોઇ કામની આશામાં રખડે છે. દાંત ને આંખ તેમજ છાતીના રોગથી કેટલાય પીડાય છે : પેટ ને આંતરડાનાં દર્દોથી પણ રીબાય છે. ગામડાની કેટલીય પ્રજા દવા વિના એમનેમ બેસી રહી છે. લોકોમાં સાચા જ્ઞાનની કૈંક ભૂખ છે પણ તેમને યોગ્ય આધાર મળતો નથી. કાનનાં દર્દોને બીજાં ભયંકર દર્દો પણ કેટલાય



માણસોને ઘેરી વળ્યાં છે. ગરીબ જનતા આનો યોગ્ય ઉપચાર પણ કરાવી શકતી નથી. આ બધામાંથી કોઇયે એક હેતુને પરિપૂર્ણ કરવા માટે, કોઈપણ એક અથવા અનેક માણસોને તમે મદદ કરી શકો—તન, મન કે ધનથી સહાયતા પહોંચાડી શકો, તો તમે મહાન યજ્ઞ કર્યો ગણાશે. એટલા જ માટે આજે તો દાંતના રોગીની મફત સારવાર કરવા માટે દંતયજ્ઞો, નેત્રયજ્ઞો, પેટ ને છાતીના દર્દયજ્ઞો, કર્ણયજ્ઞો, મજુરી ને બેકારી નિવારણ યજ્ઞો, અક્ષરજ્ઞાન ને શિક્ષણ યજ્ઞો, નવસ્ત્રાને માટે વસ્ત્ર ને ભુખ્યાંને સારું અન્નયજ્ઞો, ઉઘાડા પગવાળાને માટે ચંપલયજ્ઞો, મધ્યમ વર્ગવાળાને માટે ઓછા ભાડાવાળા મકાનના યજ્ઞો, અનાથાશ્રમ, વિધવાસહાય ને વેશ્યાઓના ઉદ્ધાર યજ્ઞો, દવાખાનાં ને પુસ્તકાલયો ને પ્રસુતિગૃહના યજ્ઞો, કથા ને કીર્તનદ્વારા ઉચ્ચ જ્ઞાનના પ્રચારયજ્ઞો, ગામડાં ને શહેરની સામુહિક સફાઇના યજ્ઞો, કરોડો એકર રસકસ વિનાની થઇ પડેલી જમીન માટેના નહેરયજ્ઞો, જમીન વિનાનાને માટેના જમીનયજ્ઞો ને એવા એવા પ્રત્યક્ષ ફળ દેનારા, ખૂબ જ આવશ્યક ને મનુષ્યો ને પશુપંખીના રૂપમાં જીવતાજાગતા યજ્ઞનારાયણની સેવાસહાયતાના વિરાટ યજ્ઞો થવા જોઇએ. ધનવાન ને પ્રતિષ્ઠિત લોકોએ ખુલ્લા દિલથી આવા યજ્ઞોમાં બનતી બધી જ મદદ કરવી જોઇએ. આજે અંદરઅંદર કેટલું વેરઝેર, કેટલા ભેદભાવ ને પક્ષાપક્ષી તેમજ સ્વાર્થ ખોરી ફેલાઇ છે? આ બધાને જીવન ને સમાજમાંથી દૂર કરવા માટે માણસે ચારિત્ર્યયજ્ઞ કરવો જોઇએ. આવા આવા યજ્ઞો દેશ ને દુનિયાની

સૂરત બદલી નાખવા માટે ખૂબ જ જરૂરી છે. તે તરફ લોકોનું જેટલું લક્ષ દોરાશે તેટલું થોડું જ છે.

જીવનની શાંતિ માટે પણ ઈશ્વર સ્મરણનો યજ્ઞ તદ્દન પૂરતો છે. ઈશ્વરની કૃપા દ્વારા બધી જ કામના પૂરી થાય છે, ને સર્વ પ્રકારના ફળ મળે છે. તે માટે માણસે બનતો બધો જ પ્રયાસ કરવો જોઈએ. યજ્ઞના ધુમાડા કાઢવાની ઈશ્વરના સાચા ભક્તને કાંઈ જ જરૂર નથી, તેના દિલમાં તો ઈશ્વરના વિરહનો અગ્નિ દિવસ રાત જલ્યા જ કરે છે. એટલે ઈશ્વરના પ્રેમાગ્નિથી છવાયેલું ભક્તનું દિલ એક પ્રકારની યજ્ઞવેદી જ છે. ઈશ્વરની સતત સ્મૃતિ, પ્રખર પ્રાર્થના ને વ્યાકુળતાની અખંડ આહુતિ આ યજ્ઞમાં અપાય છે. દુષ્કર્મનો નાશ થયા વિના, પવિત્રતા, દૈવી સંપત્તિને પંથે વળ્યા વિના, ને ઈશ્વર પ્રાપ્તિનો નિશ્ચય થયા વિના આ મહાન યજ્ઞ થઈ શકતો નથી. આમાં નથી હોમવા પડતા તલ કે નથી નાખવા પડતા જવ : ઘીની જરૂર પણ આમાં છે નહીં ઈશ્વર પ્રેમના આ યજ્ઞમાં તો મમતા ને અહંતા તેમજ મન ને ઇન્દ્રિયોની પરવશતાનો જ હોમ કરવો પડે છે, ને છેવટે ઈશ્વરના દૈવી રૂપના દર્શનથી સાધક કે યજ્ઞ કર્તાએ પ્રસન્ન ને ધન્ય થવાનું રહે છે. નાત કે જાતના ને બીજા દુન્યવી ભેદભાવ વિના કોઈયે પુરુષ કે સ્ત્રી આ યજ્ઞનાં અધિકારી થઈ શકે છે. ને ગમે ત્યારે, દિવસે રાતે કે કોઈયે દશામાં આ યજ્ઞ કરી પણ શકે છે.

ઈશ્વર સ્મરણનો આ યજ્ઞ એકલા કે સમૂહમાં થઈ શકે છે. કથા ને કીર્તન દ્વારા ઈશ્વર પ્રેમમાં ભક્ત તરબોળ બની સ્નાન કરે



છે ને બીજાને પણ કરાવે છે. આ એક પ્રકારનો યજ્ઞ છે. પણ તેનો ઉદ્દેશ લોકોનું મન રંજન કરવાનો કે વાહવાહ મેળવવાનો ને ધનસંગ્રહ જ કરવાનો ના હોવો જોઈએ. તે તો ઈશ્વરના પ્રેમની વધારે ને વધારે પ્રાપ્તિ માટે જ થવો જોઈએ : તે દ્વારા ઈશ્વરની વધારે ને વધારે પાસે પહોંચવાની ને છેવટે ઈશ્વરદર્શન કરી ધન્ય થવાની જ ભક્તની નેમ હોવી જોઈએ. આવા કીર્તનયજ્ઞો સાંભળનારાના હૃદય પર ઊંડી અસર કરી જાય છે, ને કેટલાયનું જીવન પરિવર્તન પણ કરી દે છે. કીર્તનનો આ યજ્ઞ એકાંતમાં કરવાથી પણ ઓર રંગ મળે છે. ઈશ્વરની પ્રાર્થના ને ગુણ સ્તુતિ કરવાથી ને તેના મહિમાના મધુર પ્રસંગો પર વિચાર કરવાથી છેવટે ઈશ્વરનો અનન્ય પ્રેમ મળી જાય છે, ને ઈશ્વર વિના કોઈયે પદાર્થમાં મન લાગતું નથી.

આ યજ્ઞની આગળ બીજા દ્રવ્યમય યજ્ઞોની કીંમત કૈં જ નથી. માણસ જો આ જ યજ્ઞને જીવનમાં ઉતારે તો શાંતિ, સિદ્ધિ ને તેના સ્વામી ઈશ્વરની પ્રાપ્તિ તેને જરૂર થઈ શકે.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૭ જૂન—૨૦૧૫ અંક ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ(૬)
### તા.૨૫/૧૧/૮૨, ગુરુવાર, કારતક સુદ નોમ ૨૦૩૯
### પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

સવારે સાડા ત્રણે પૂ.શ્રી ઊઠી જાય છે. સ્નાન કરી લે છે. મેં પણ વ્યાયામ કરી ચાર વાગ્યે સ્નાન કરી લીધું. સો માળાના જપ પૂરા કરી રામાયણનો પાઠ કર્યો. પૂ.શ્રીએ વ્યાયામ, મંત્રજપ કરી સાતથી સાડા દશ સુધી લેખન કર્યું. મહાભારત ઉપર લેખન ચાલી રહ્યું છે. થોડો આરામ કરીને સાડા અગીયારે ભોજન લેવાનું બને છે.

જ્યાં અમારો ઉતારો છે તે ઓરડામાં જ અમે ભોજન લઈએ છીએ. ભોજન બાદ થોડું વાચન—લેખન કરીને થોડો આરામ કરીએ છીએ આજે મુલાકાતમાં કોઈ આવ્યું નથી જેથી શાંતિ છે.

બે દિવસ ઉપર મને દિવ્ય પ્રકાશકિરણોનો અહીં પણ અનુભવ થયો. સવારે પૂ.શ્રી લેખનકાર્યમાં હતા ત્યારે એ



અનુભવ થયો. જ્યારે જ્યારે અંતકરણમાં પ્રકાશની રાહ જોવાય ત્યારે ત્યારે એવો અનુભવ પ્રભુકૃપાએ થાય. મનમાં વિચારો ચાલતા હતા કે સો માળા દરરોજ થાય છે પણ ધાર્યું પરિણામ આવતું નથી. એ વિચારો સામે દિવ્ય કિરણદર્શન રૂપે પ્રભુનો જવાબ મળ્યો. આનંદ આનંદ થાય એ સ્વાભાવિક છે.

સાંજે યોગ સ્કૂલમાં જવાનું બને છે. ત્યાં ભાઈબહેનોના આસનોના વર્ગમાં જવાનું બન્યું ત્યારે ‘શ્રી રામ જય રામ જય જય રામ’ની ધૂન બોલાતી હતી. થોડા આસનોના પ્રયોગો જોયા પછી પૂ.શ્રીને કંઈક બોલવાની આગ્રહ ભરી વિનંતિ કરી, તેથી પૂ.શ્રીએ અંગ્રેજીમાં પોતાનું વકતવ્ય આપ્યું જેમાં યોગ શારીરિક, માનસિક ને આધ્યાત્મિક વિકાસ માટે છે એના ઉપર ભાર મૂક્યો. પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ થયો, તેમાં એક અંગ્રેજ યુવકે ત્રણ પ્રશ્નો પૂછ્યા. વધુ એક પ્રશ્ન પૂછાયો. પ્રશ્નોત્તરી સરસ સરળ અંગ્રેજીમાં થઈ. પૂ.શ્રીએ સંસ્થાની વિનંતિને માન આપી લેખિત સંદેશો પણ આપ્યો.

કાર્યક્રમ પૂર્ણ થતાં ઉતારા ઉપર આવીને દૂધ, ફળ લઈ આરામ કર્યો.

ઉતારાની આસપાસ જ ત્રણ હોલ છે. એક ભારત હોલ, બીજો સૂરત હિન્દુ એસોસીએશનનો હોલ અને ત્રીજો સપ્તાહમંદિરનો હોલ છે. ઉતારાની નીચે સામે પાછળ બધી દુકાનો છે. દુકાનોનાં નામ પણ ગુજરાતી છે : “શ્રીમતી”, “ડી. નાનાભાઈ”, “વી. એન. નાયક એન્ડ કંપની”, “હંસા સેન્ટર” વગેરે. આ ભારતીયોનો વિસ્તાર છે. એટલે દુકાનો પણ ગુજરાતીઓ, મુસ્લીમો વગેરેની છે. રસ્તા પહોળા છે, એટલે કે ત્રણ મોટર જાય ને ત્રણ મોટર આવે એવા છે. બાંધકામમાં ઘરની ગટર હોય તોપણ તેનું ચેકિંગ થાય. તે યોગ્ય રીતે

ગોઠવાય છે કે નહીં તે સરકારી ધોરણે પાસ થાય. પછી જ કોઈ પણ બાંધકામ આગળ ચાલે.

**તા. ૨૬–૧૧–૮૨, શુક્રવાર, કારતક સુદ દશમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે સાડા ત્રણે પૂ.શ્રી ઊઠી જાય છે. સ્નાન કરી લે છે. વ્યાયામ કરે છે. ચાર વાગ્યે હું પણ ઊઠીને કાર્ય શરું કરું છું. પૂ.શ્રી વ્યાયામ પછી મંત્રજપ કરીને લેખન શરું કરે છે. લેખન બાદ થોડો આરામ કરે છે. હું રામાયણનો પાઠ તે દરમ્યાન કરું છું.

આજે મગ, ભાતનું ભોજન છે. ભોજન બાદ બિહારની બે બહેનો પૂ.શ્રીને મળે છે. તેઓ સાથે પૂ.શ્રી અંગ્રેજીમાં વાર્તાલાપ કરે છે. તેમના ત્રણ પ્રશ્ન હતા :

૧. ધ્યાન કરતાં શરીર ઉપર ઊઠે તે શું છે?

૨. પ્રભુભક્તિ કરનારને દુઃખ કેમ પડે છે?

૩. પદ્માસન શરીરને નુકશાન કરે છે?

મુલાકાતના સમય પછી પૂ.શ્રી આરામ કરે છે. સાંજે સંતરાંનો રસ લે છે. થોડું લેખન કરે છે. થોડું વાંચન કરે છે એક અંગ્રેજી પુસ્તકનું.

આજે વરસાદ શરું થયો છે. જેથી વાતાવરણ ઠંડું છે. બહાર જવાનો કાર્યક્રમ હતો, પરંતુ બંધ રહ્યો.

સાંજે સત્સંગ થયો. એક ભાઈએ પૂ.શ્રીને ધ્યાન, શાંતિ ને પ્રભુપંથે આગળ વધવા પ્રાથમિક કાર્ય અંગે પ્રશ્નો પૂછ્યા. પૂ.શ્રીએ સુંદર માર્ગદર્શન આપ્યું.

સેવમમરા, ફળ, દૂધનો નાસ્તો લઈ આરામ કર્યો.

**(ક્રમશઃ)**



# પૂ. મા સર્વેશ્વરીનું આંતર ઐશ્વર્ય

(ગતાંકથી આગળ) –પ્રો.તરલાબેન દેસાઈ

આમ, અતીતના સઘળા ગૌરવ સાથે 'મા'નો સાંપ્રત ઊભો છે. 'મા'ના જીવનનું ચાલકબળ જ સહજ પ્રેમતત્ત્વ છે, જે એમનું પ્રાણતત્ત્વ છે. અને એટલે જ કપૂરાની માટીની મહેક એમનામાં સચવાઈ રહી છે. વ્યારાનાં શૈશવસહજ તોફાન–મસ્તી–જીદ અત્યારનાં દૃઢ સંકલ્પ, સ્વાધીનતા, ધૈર્યમાં રૂપાંતરિત થઈ ગયાં છે. સુરતના સાધના વિદ્યાલયનાં એકવારના આચાર્યા 'મા'ની સાથી–શિક્ષકો પરત્વેની કૃતજ્ઞતા અકબંધ રહી છે. સુરત એમના અધ્યાત્મનું પ્રવેશદ્વાર બન્યું અને અમદાવાદની વિવેકાનંદ હૉસ્પિટલમાં 'મા'એ ગુરુસેવામાં અસ્તિત્વની એવી સાર્થકતા અનુભવી કે 'મા'થી સમગ્ર સંસાર જ છૂટી ગયો. સ્થળો, સ્થૂળ પ્રદેશો છૂટતાં ગયાં, પણ સૂક્ષ્મ ભાવસંબંધને લીધે એ બહિર્ગત અંશ મટી, અંતર્ગત અંશ બની 'મા'ના અસ્તિત્વમાં ઓગળી, એકરસ થઈ ગયા. આમ, 'મા'ની અલપ–ઝલપ છબી જોતાં લાગે છે કે, 'મા'નું સહજ વલણ સર્વનો સાર ગ્રહી, થોથાં ઉરાડી દેવાનું રહ્યું છે.

**'મા'માં જીવ–શિવનો સંવાદ**

'મા'ના અસ્તિત્વમાં જીવ અને શિવનો એવો સહજ સંવાદ જોવા મળે છે કે જાણે બંને એક સિંહાસને અધિષ્ઠિત છે! એટલે સ્વાભાવિક રીતે જ 'મા'ના શરીર મન અને વાણીને સ્તરે એક અનોખું, ક્રાન્તિકારી કહી શકાય એવું પરિવર્તન જોવા મળે છે.

શરીરને પ્રકૃતિનું ઉત્તમ વરદાન માની 'મા' એમની

વૃત્તિઓને તંદુરસ્ત રાખવા, પ્રાકૃતતાથી સુસંસ્કૃત રાખવા હંમેશાં મથે છે. સાત્ત્વિક આહારનાં બીજ તો નાનપણથી જ હતાં. ઈ.સ. ૧૯૮૪ થી 'મા'એ અન્નત્યાગ કર્યો નહીં, થઇ ગયો. એમને ખાવાની ઇચ્છા જ ન રહી. વર્ષો સુધી એક દિવસ ફળાહાર અને એક દિવસ નિર્જળા ઉપવાસનો સિલસિલો સળંગ ચાલ્યો પણ આરોગ્ય કદી કથળ્યું નહીં. 'મા'ના બધા રિપોર્ટસ નૉર્મલ જોઇ ડૉક્ટરો પણ આશ્ચર્ય અનુભવે છે.

નિદ્રાજય 'મા'ને સહજ છે. નિદ્રાના કલાકો તો અતિ અલ્પ હોવા છતાં થાક કે સુસ્તી એમનામાં કદી ન વરતાય. સદાય સ્ફૂર્તિવંત, તાજગીભર્યાં ને પ્રવૃત્તિતત્પર લાગે.

૧૯૯૦ થી શરું થયેલા 'મા'ના પ્રણામો રોજના ૩૭૦ સુધી પહોંચી ગયેલા. ૨૦૧૩ થી 'મા'એ રોજના ૧૮૫ સાષ્ટાંગ પ્રણામ કરવા શરું કર્યાં છે. યાત્રાએ જવાનું હોય તો 'મા' આગોતરા પ્રણામ કરી લે. પ્રેભુનું દેવું કદી ન રાખે. કોઇ વિશેષ અવસર હોય તો 'મા'ના પ્રણામોની સંખ્યા વધી જાય. પ્રણામ 'મા'ને મન વ્યાયામ નથી, સાધના છે અને એ એમને એટલા પ્રિય છે કે, 'પોતાના એકના એક સંતાન માટે ડૉક્ટર જે કહે તે કર્યા વિના મા રહી જ ન શકે. તેમ એમને પ્રણામ ખૂબ ગમે એટલે કર્યાં વિના રહેવાય જ નહીં' એમ તેઓશ્રી કહે છે.

યોગાસનો, પ્રાણાયામ, શરીરની અન્ય કસરતો ઉપરાંત જપ કરતાં કરતાં થતી પ્રદક્ષિણા, આ સર્વ અતિ નિયમિત કરી, સાધનાના કરણ તરીકે 'મા' શરીરનો ઉત્તમ ઉપયોગ કરી, આજે ૭૦ વર્ષ વટાવ્યા પછી પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ, કાર્યક્ષમતા સાધે છે. ક્વચિત્ કોઇ અંગ આંગળી ઊંચી કરે તો તેની સાથે મિત્રવત્ વ્યવહાર કરી, પોતાનું ધાર્યું કરાવી લે છે.



આમ 'મા' શરીરમાં રહેવા છતાં શરીરથી પર રહી શકે છે. કોઇ પણ પ્રકારની બળજબરી કર્યા વિના 'મા' કહે છે તેમ, 'શરીર ડાહીમાના દીકરાની જેમ વર્તે છે.' સ્વર્ગારોહણના નિર્માણકાર્યમાં માટીનાં તગારાં માથે ઉપાડવાના, પથ્થરો, ઈંટો ઊંચકવાના, ફૂલછોડો—વૃક્ષોને પાણી પાવાના કાર્યમાં સેવકોને સહયોગ ધરતાં 'મા'નાં દર્શન થયાં છે.

'મા'એ સાબિત કરી આપ્યું છે કે 'જો શરીર પ્રકૃતિનાં બળો પ્રત્યે નહીં પણ જો પ્રભુની શક્તિ પ્રત્યે ખુલ્લું હોય તો ક્યારેય માંદું પડતું નથી.' કોમળ, સ્થિતિસ્થાપક શરીર 'મા'ના શ્વાસોચ્છ્વાસ, રુધિરાભિસરણ અને પાચનતંત્રના લયને સરસ જાળવે છે. 'મા' કહે છે તેમ, 'એક પણ ગોળી—ટીકડી વિના 'મા'ના શરીરનું તંત્ર પ્રભુ સંવાદી રીતે ચલાવે છે.' સાચે જ **'शरीरम् माद्यं खलु धर्मसाधनम्'** એ શાસ્ત્રવચનને 'મા' આમ સહજ સન્માને છે.

'મા'એ બંધન—મોક્ષના કારણરૂપ મનને બહુ સરસ કેળવ્યું છે. માતાપિતા, શાળા, કૉલેજ, કારકિર્દી, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક વિચારધારાઓ તેમજ સદ્ગ્રંથો તથા સંત—સંનિધિથી એને વૈભવવંતું કર્યું છે. છતાં સમાજના નિશ્ચિત માળખામાં જડ એકમ બની ગોઠવાઇ જવાને બદલે એ પોતાની પસંદગીનું સ્વાતંત્ર્ય જીવે છે. 'મા'નું મન એટલું તો સ્વાધીન છે કે, ભૂતની સ્મૃતિનો ભાર નહીં, ભવિષ્યની ચિંતા નહીં અને વર્તમાનમાં પણ સનાતનતાની, નિત્ય નૂતનતાની સૌરભ માણે છે. 'મા'ના સ્વસ્થ, સંતુલિત મનમાં કોઇ આગ્રહ, કોઇ ઇચ્છા, કોઇ વળગણ, રાગદ્વેષ, ગમા—અણગમા, પૂર્વગ્રહ કે નિષેધ નથી. પ્રભુપ્રેષિત પ્રત્યેક પરિસ્થિતિનો સહજ સ્વીકાર હોવાથી,

સુખદુ:ખનાં દ્વન્દ્વ એમને સતાવતાં નથી. એમનું મન સદૈવ શાંત અને પ્રસન્ન રહે છે.

આમ, 'મા' એટલે સ્વસ્થ શરીર, પ્રફુલ્લિત મન અને પ્રસન્ન આત્મા. ઉત્તમ ગુણયુક્ત જીવન જેમાં નિત નવું શીખવાની તત્પરતા નવા—નવા પ્રયોગોને આવકારી, પરંપરાને આત્મસાત્ કરી; શાશ્વતી સાથેના સંબંધને ઓર જીવંત, ઓર દૃઢ બનાવવાનો જાણે કીમિયો.

'મા' શ્રી રમણની જેમ મૌનની શક્તિના શાંત પ્રવાહને જ ઉપદેશનું સીધું સચોટ સ્વરૂપ માને છે અને 'In speech there is 'otherness' in silence there is oneness' એ મહર્ષિવચનની સત્યતાને અનુભવે છે. તેથી જ તેમણે ૧૯૯૫ થી મૌન ધારણ કર્યું છે. એ પહેલાં ક્વચિત્ મંચ પરથી વાર્તાલાપ અને તે પણ પૂજ્યશ્રી યોગેશ્વરજીના અનુરોધથી આપતાં; મોટે ભાગે તો સ્વરચિત તેમજ શ્રી યોગેશ્વરરચિત મધુર, ભાવવાહી ભજનોથી તે ભાવિક હૃદયોને ભીંજવી દેતાં. એમનાં ભજનોની ૫૦ કેસેટો તૈયાર થઇ છે.

'મા' મા હોવાથી જાણે છે કે, બધાં બાળકો એમનું મૌન સમજવા સમર્થ નથી, તેથી લોકકલ્યાણના પવિત્ર હેતુથી જ તેઓ સ્લેટધારિણી બન્યાં છે. 'મા'ની સ્લેટના શબ્દો ચેતનાસ્ફુલિંગો બની સાધકોનાં જીવનપરિવર્તન સાધે છે. દરિદ્રનારાયણની વિધવિધ સેવાનાં સત્કાર્યોનું આયોજન સ્લેટથી જ શક્ય બને છે. પણ અહમ્‌રહિત 'મા' લખે છે : 'આ સ્લેટ પર એક પણ શબ્દ 'મા' નથી લખતાં. પ્રભુને જે લખાવવું હોય તે લખાવે છે.'

'મા'નું મૌન કેવળ વાણીનું મૌન નથી, મનની ગતિને સંપૂર્ણ શાન્ત કરી દેતું મૌન છે. એ વિશ્રાન્તિમાં બધી જ ઊર્જાઓ અંદર



કેન્દ્રિત થાય છે. અંદરથી ઊઠતાં આંતરિક નાદમાં 'મા' રમમાણ રહે છે એટલે 'અસ્તિત્વની સમગ્રતા'માં એ નિવાસ કરે છે. આ સ્થિતિમાં એમને 'આત્મચૈતન્યની અનુભૂતિ' થાય છે અને એ કાર્યાન્વિત થતાં પ્રેમ, કરુણા ને શાંતિ સહજ વહે છે. આવાં જાગ્રત 'મા'માં 'અભૂતપૂર્વ આત્મસંયમ' ઉદ્‌ભવે છે; જે વિવેક, શિષ્ટાચાર, ગૌરવ કદી ચૂકતો નથી. અનન્ય આભિજાત્ય અને ગરિમાથી એ સોહે છે. એટલે જ 'મા'માં રહેલું શ્રેષ્ઠ આંતરદ્રવ્ય જ બહાર પ્રગટે છે. એ કોઇ પણ કાર્ય કરે એ એમના 'આધ્યાત્મિક સ્પર્શ'થી સમૃદ્ધ હોય છે. આવાં મૌનમયી 'મા'ની ઉપસ્થિતિ જ સમગ્ર માનવજાત માટે કલ્યાણકારક નીવડે.

'મા'ના મૌનની જેમ ક્વચિત્ પ્રગટતી લિખિત વાણી પણ સદા સત્યમંડિત હોય છે. કોઇને પણ આઘાત કે ઉદ્વેગ આપ્યા વિના પ્રેમપૂર્ણ શબ્દવ્યવહાર થાય છે જે હંમેશાં કલ્યાણકર્તા જ હોય છે.

'મા' એ દેહાતીત, મનાતીત, શબ્દાતીત ચેતનાનો અનુભવ કરી, દિવ્યતાનો જીવંત સંપર્ક પોતાના સદ્‌ગુરુ સાથે સાધ્યો અને એમ કરતાં કરતાં એમનો અહંકાર સંપૂર્ણ વિસર્જિત થઇ ગયો ને 'મા'એ ગોવિંદ સન્મુખ ખડા થઇ જતા અનુભવ્યા ને તેઓશ્રી ગાઇ ઊઠ્યાં :

'મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા.'

આમ, 'મા' એમના અભિજાત આચાર દ્વારા સિદ્ધ કરે છે કે, જીવ જ્યાં હોય ત્યાં સમગ્રતયા રહે તો આવરણોમાં હોવા છતાં 'નિરાવરણ ચેતનાનો—શિવતત્ત્વનો' અનુભવ કરી શકે છે.

(ક્રમશઃ)

# યાત્રા માટે મદદ

—યોગેશ્વરજી

થોડાંક વરસો પહેલાંની વાત છે. બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી ને જમનોત્રીની યાત્રા પૂરી કરી અમે ઋષિકેશમાં—પ્રખ્યાત ધામમાં આવી પહોંચ્યા અને ત્યાંની સુંદર ધર્મશાળામાં રહેવા લાગ્યા. એ ધર્મશાળાનું નામ ભગવાન આશ્રમ. ઋષિકેશની કુદરતી સૌન્દર્યથી ભરેલી ભૂમિમાં મન લાગી જવાથી અમે એકાદ મહિના જેટલો લાંબો વખત રહ્યા. એ સ્વર્ગીય પ્રદેશમાં રહીને અમે રોજ પ્રભુ સ્મરણ કરતાં તથા ગંગાસ્નાનનો લાભ લેતાં. દિવસો એક પછી એક ક્યાં અથવા કેવી રીતે પસાર થઇ જતા, તેની ખબર પણ ન પડતી.

ઋષિકેશના સુંદર સ્થળને જોવાનું ને એ સ્થળમાં રહેવાનું ભાગ્ય ખરેખર અનેરું છે. જેને એ સૌભાગ્ય પ્રાપ્ત થયું હશે તે સહેલાઈથી સમજી શકશે કે એ સૌભાગ્ય કેટલું કિંમતી છે. ઊંચી—ઊંચી ને લીલીછમ પર્વતમાળાની વચ્ચે વિશાળ મેદાનમાં વસેલું ઋષિકેશ જોતાં વેંત જ હૃદયને સ્પર્શી જાય છે ને કહો કે કાળજાને કામણ કરે છે. એ પ્રદેશનાં પરમાણુ એટલા બધાં અસરકારક છે કે વાત નહીં, જે આવે એને ત્યાં રહેવાનું મન થઇ જાય કે ગમી જાય, એવી એની શોભા છે. અમે પણ ત્યાં આનંદપૂર્વક રહેવા માંડ્યાં.

પરંતુ ત્યાં કાંઇ કાયમને માટે રહી શકાય છે? જો કે રહી શકાય ખરું, પણ રહેવાના સંજોગો ન હતા. અમારો વિચાર અયોધ્યા, કાશી, મથુરા, વૃંદાવન તરફ જવાનો હતો. તે રીતે



બાકીની યાત્રા કરી લેવાની ભાવના હતી.

પણ એકલી ભાવનાથી કાંઇ યાત્રા થોડી કરી શકાય છે? એમાંયે મોટી મુશ્કેલી હતી. હિમાલયની યાત્રામાં ધાર્યા કરતા વધારે ખર્ચ થઇ જવાથી ધનની તકલીફ હતી. ઋષિકેશમાં પણ સંભાળીને અમે રહેતા. એવા સંજોગોમાં બીજી યાત્રા કરવા માટે ક્યાં નીકળવું?

છતાં, મને ઈશ્વર પર શ્રદ્ધા પણ અસાધારણ હતી. કોઇ પણ સંજોગોમાં એ ડગે એમ ન હતી. મને થયું મારે બીજી યાત્રા કરવી એવી ઈશ્વરની ઇચ્છા હશે તો તે ગમે તે રીતે એ મને મદદ કરી યાત્રાએ લઇ જશે, એ તો સમર્થ છે, એને માટે કશું મુશ્કેલ નથી. નરસી મહેતાની એણે હુંડી સ્વીકારી છે ને બીજી રીતે પણ ભક્તોનાં અનેક કામ કર્યાં છે. લોકોમાંના કેટલાક એ વાતોને ટાઢા પહોરનાં ગપ્પાં જેવી ઉપજાવી કાઢેલી માને છે; પરંતુ ખરેખર તેવું નથી. શ્રદ્ધા હોય તે આજે પણ એક યા બીજી જાતના ઈશ્વરી કૃપાના અનુભવ થઇ શકે છે. મને થયું કે હું કોઇ મોટો ભક્તપુરુષ નથી; છતાં મને ઈશ્વર પર પ્રેમ છે, વિશ્વાસ છે, ને તે ધારશે તો મને મદદ જરુર કરશે. એવા ભાવોમાં ડૂબી મેં ઈશ્વરને પ્રાર્થના કરવા માંડી.

ઋષિકેશથી યાત્રામાં નીકળવા માટે અમારે પચાસ રૂપિયાની જરૂર હતી. એ રૂપિયા કેવી રીતે મેળવવા તેનો વિચાર કરતો હું બેઠો હતો ત્યાં તો એક પ્રસંગ બન્યો. એક દિવસ બપોરે ટપાલી મારું નામ લેતો ધર્મશાળામાં આવ્યો ને કહેવા લાગ્યો : 'તમારું મનીઓર્ડર છે.'

મને નવાઇ લાગી, મારું મનીઓર્ડર હોય એ વાત હું ન માની શક્યો. મને રૂપિયા કોણ મોકલે? મેં કોઇની પાસે મંગાવ્યા

જ ક્યાં હતા?

પરંતુ ટપાલીએ મનીઓર્ડર ફોર્મ મારા હાથમાં મુક્યું ત્યારે મને ખાતરી થઇ કે મારે નામે કોઇએ રૂપિયા મોકલ્યા છે. મોકલનારનું નામ અને સરનામું મેં જોયું, પણ તેને હું ઓળખતો ન હતો. તો શું રકમ શામળિયા શેઠે મોકલી? મારે જરૂર હતી પચાસ રૂપિયાની અને ઈશ્વરકૃપાથી મને એકાવન રૂપિયા મળ્યા. મારું હૃદય ભાવવિભોર બની ગયું. આંખ ભીની થઇ ગઇ. ધ્રૂજતે હાથે મેં સહી કરી આપી ને ટપાલી રકમ આપી ચાલતો થયો.

બીજે દિવસે અમે ઋષિકેશથી હરદ્વાર આવી અયોધ્યા તથા કાશી જવા નીકળી પડ્યા. એ રીતે બધી યાત્રા સુખરૂપ પૂરી કરી. પણ મનીઓર્ડરનું રહસ્ય મારા મનમાં એવું ને એવું રહી ગયું. ઈશ્વરની દયા કે કરુણાનો વિચાર કરી મારું હૃદય કરુણ બની ગયું. મને લાગ્યું નરસી ભગતની હુંડી સ્વીકારવાની એ અને એવી બીજી વાતો ખોટી નથી. કોઇક વાતોમાં કોઇ અતિશયોક્તિ હશે. પરંતુ તેની પાછળ જે સાર છે તે સાચો જ છે કે ઈશ્વરનું જે શરણ લે છે તેની સંભાળ ઈશ્વર જરૂર રાખે છે. ઈશ્વર તેની બધી રીતે રક્ષા કરે છે. પરંતુ તેને માટે નરસી, મીરાં, તુલસીદાસ, સુરદાસ ને એવા બીજા ભક્તોના જેવી ભક્તિ, શ્રદ્ધા, ધીરજ, પ્રીતિ ને પ્રભુપરાયણતા જોઇએ, કેવળ વાતો કરવાથી કાંઇ નથી વળતું, અનુભવની દુનિયામાં વધારેને વધારે ઊંડા ઉતરવાથી જ કાંઇક મળી શકે છે.



# કેવી છે સારવાર! મહેકી ગયું જીવન!

—ડૉ. શરદ ઠાકર

‘**ડૉ**ક્ટર સાહેબ, મને પેટમાં દુખે છે. સહન નથી થાતું. કંઇક કરો ને!’ લગભગ પચીસેક વર્ષના મધુભાઇએ એક હોશિયાર ડૉક્ટર પાસે જઇને ફરિયાદ કરી.

ડૉક્ટર જનરલ પ્રેક્ટિશનર હતા. યુવાન હતા. એમ.બી.બી.એસ. થયેલા હતા. તાજી જ પ્રાઇવેટ પ્રેક્ટિસ શરુ કરી હતી. તેમણે મધુભાઇની ફરિયાદ સાંભળીને એમને ટેબલ ઉપર લીધા. શર્ટ ઉપર જ હાથ મૂકીને જરાક દબાણ આપ્યું. મધુભાઇએ ચીસ પાડી, ‘બસ, ત્યાં જ દુખે છે, સાહેબ...!’

ડૉક્ટર સમજી ગયા. ભણવામાં આવ્યું હતું. પેટમાં આ જગ્યાએ દુખતું હોય તો હાઇપર એસિડિટીનાં કારણે જ હોઇ શકે.

‘પાંચ દિવસની ગોળીઓ આપું છું. દિવસમાં ત્રણ ટાઇમ લેજો. તીખું—તળેલું ભોજન બંધ. પાંચ દિવસમાં તો તમે ઘોડાની જેમ દોડતા થઇ જશો.’ ડૉક્ટરે કેસ પેપરમાં કાળા મંકોડા ચીતર્યા. કમ્પાઉન્ડરે એ ગુપ્ત લિપિ ઊકેલી અને સફેદ, ગુલાબી ટીકડીઓના પડીકાં વાળી આપ્યા. મધુભાઇ ઘોડા જેવા થઇ જવાના માનસિક થનગનાટ સાથે પણ ગોકળગાયની ગતિએ ઘર તરફ ચાલતા ગયા.

ગોળીઓની જરા પણ અસર થઇ નહીં. મધુભાઇની હાલત ટટ્ટુના જેવી પણ રહી નહીં. જનરલ પ્રેક્ટિશનરે ભલામણ ચિઠ્ઠી લખી આપી, ‘તમારે કોઇ સારા ફિઝિશિયનને બતાવવું પડશે.

હું નામ—સરનામું આપું છું ત્યાં પહોંચી જાઓ.'

ડૉ. મહેતા એક જાણીતા ફિઝિશિયન હતા. એમણે દર્દીને પચાસેક સવાલો પૂછ્યા. પછી અડધો કલાક સુધી શારીરિક તપાસ કરી. પછી નિદાન કર્યું, 'અહં...! તમને મરડો થયો છે.'

'પણ સાહેબ...મારે દિવસમાં ફક્ત એક જ વાર જવું પડે છે. મરડો કેવી રીતે હોઇ શકે?'

'ડૉક્ટર તમે છો કે હું?' ડૉ. મહેતાએ સવાલ કર્યો. પછી હસીને સમજાવવા લાગ્યા, 'મરડો છે એનો મતલબ કે તમારા આંતરડાં પર જૂના મરડાનો સોજો...'

'જૂનો મરડો? પણ મારો દુખાવો તો નવો—સવો છે. માંડ પાંચ—સાત દિ' થયા છે.

'ડૉક્ટર હું છું કે તમે?' ફિઝિશિયન હસ્યા. મધુભાઇએ રડમસ અવાજમાં સામે પૂછ્યું, 'સાહેબ, દર્દી કોણ છે? હું કે તમે? મને સાચી ખબર હોય ને કે મને ક્યાં અને કેવો દુખાવો થાય છે?'

'તમે દલીલ ન કરો. શ્રદ્ધા રાખો. દર્દીનું અડધું દર્દ તો ડૉક્ટર પરની શ્રદ્ધાથી ગાયબ થઇ જાય છે. હું તમને સાત દિવસનો કોર્સ ઉતારી આપું છું. ગોળીઓ લીધા પછી મોં કડવું થઇ જશે. પાણી પીશો તો પણ કડવું ઝેર લાગશે. પણ આઠમા દિવસે...'

મધુભાઇ આઠમા દિવસે અશ્વ બની જવાની આશા લઇને વિદાય થયા. જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ એમનો દુખાવો પણ વધતો ગયો. ફિઝિશિયને પ્રથમ મુલાકાત સમયે જ અમુક ટેસ્ટ્સ કરાવી લેવાની સલાહ આપી હતી. યુરિન, ઝાડો અને પેટનો એક્સ—રે બધું કરાવ્યું, પણ રિપોર્ટ્સ



તદન નોર્મલ આવ્યા હતા. દસમા દિવસે ફિઝિશિયન કંટાળ્યા, 'મને લાગે છે કે તમને કોઇક સર્જિકલ બીમારી છે. એક કામ કરો. ડૉ. પટેલને એક વાર બતાવી આવો.' ડૉ. પટેલ એ નાનકડાં શહેરના મોટા અને નામાંકિત સર્જન હતા. મધુભાઇ રડતી સૂરતે એમના ક્લિનિકમાં પહોંચી ગયા. ડૉ. પટેલે પૂરો એક કલાક લીધો. બીજા કેટલાંક ટેસ્ટ્સ કરાવ્યા. પછી લમણાં ઉપર ત્રણ ટકોરા આંગળી વડે મારીને કહ્યું, 'સાચું કહું? તમને કોઇ ગંભીર સર્જીકલ બીમારી છે જ નહીં. નથી તમારા એપેન્ડિક્સ ઉપર સોજો કે નથી તમારા પેટમાં કોઇ ટ્યુમર. બાકીની બધી દવાઓ તમને અપાઇ ગઇ છે. હું તમને ભારે માંયલી એન્ટિબાયોટિક ઊતારી આપું છું. પેટમાં ક્યાંય પણ નાનું—મોટું ઇન્ફેક્શન હશે એ મટી જશે. સોજો ઊતરી જશે.'

સોજો તો ન ઊતર્યો પણ પાકિટનો બોજો ઊતરી ગયો. આમાં ને આમાં વીસેક દિવસ પસાર થઇ ગયા. મધુભાઇ ખાવા—પીવામાં ચરી પાળવાને કારણે કમજોર દેખાવા માંડ્યા હતા. ચહેરો દયામણો બની ગયો હતો. આંખોમાં એવો પ્રશ્ન તગતગવા માંડ્યો હતો કે હવે પછીની આખી જિંદગી પેટના આવા દુખાવા સાથે ગુજારવી પડશે કે શું? ત્યાં કોઇએ સૂચન કર્યું, 'મારું માનો તો આ બધા નામાંકિત મોટા ડૉક્ટરોને ભૂલીને કોઇ સારા, અનુભવી ડૉક્ટરને બતાવી જુઓ. આ બધા સ્પેશિયલિસ્ટો ડફોળ હોય છે એવું હું નથી કહેતો, પણ એમની ડિગ્રીની જેમ જ એમનું નિદાન પણ મોટું હોય છે. એમની નજરમાં નાની વાત પકડાય નહીં એમ પણ બને અને જ્યારે બે મોટા નિષ્ણાત કન્સલ્ટન્ટોને તમે અજમાવી લીધા છે તો પછી હવે કોઇ પીઢ અનુભવી ડૉક્ટરને મળવામાં વાંધા જેવું શું છે?'

મરતા ક્યા નહીં કરતા? મધુભાઇ હવે કોઇ ફકીરની ફૂંક ખાવા કે ભૂવાના ધગધગતા સળિયાના ડામ ઝીલવા માટે પણ તૈયાર હતા.

વસાવડા ખડકીમાં એક વયોવૃદ્ધ ડૉ. વસાવડા રહેતા હતા. પંચાશી વર્ષની ઉંમર. સરકારી દવાખાનામાં મેડિકલ ઓફિસર તરીકે નોકરી કરીને નિવૃત થયાને પણ સત્યાવીસ જેટલાં વરસ થઇ ચૂક્યા હતા. નાગર લોકો મોટા ભાગે સંતોષી જીવ હોય છે. રૂપિયા કમાવા માટે જિંદગીના આખરી શ્વાસ સુધી ઝાંવા નથી નાખતા હોતા. નિવૃત્તિની જિંદગી ઘરનાં હિંચકા પર બેસીને વિતાવવામાં તેમને અપાર સુખ મળતું હોય છે. ડૉ. વસાવડા પણ આવા જ સંતુષ્ટ જીવ હતા. કોઇ અડોશી–પડોશી માંદું પડીને આવી ચડે તો એને સારવાર કે સલાહ અવશ્ય આપી દેતા હતા. બાકી વિધિવત્ દર્દીઓને તપાસવાનું તેમણે બંધ કરી દીધું હતું.

મધુભાઇ વસાવડા સાહેબ પાસે પહોંચી ગયા. પોતાની વીતક–કથા રજૂ કરી દીધી. એનો ચહેરો જોઇને જ ડૉ. વસાવડાને દયા આવી ગઇ. એમણે બાજુમાં પડેલી લાકડાની પાટ બતાવીને મધુભાઇને કહ્યું, ‘દીકરા, સૂઇ જા પાટ ઉપર. પેન્ટ ઢીલું કરી નાખ. શર્ટ ઉપર લઇ લે.’

મધુભાઇ પાટ ઉપર ચત્તાપાટ સૂઇ ગયા. ડૉ. વસાવડાએ પેટ પર હાથ અડાડતાં પહેલાં બારીક નજરે નિરીક્ષણ કર્યા કર્યું. પછી પેટ પર એક ચોક્કસ બિંદુ પર, જમણો હાથ નહીં, પણ માત્ર હાથની એક આંગળી જ મૂકીને પૂછ્યું, ‘બેટા, અહીં દુખે છે ને?’

‘હા, એ જ જગ્યાએ...’ મધુભાઇ રાડ પાડી ઊઠ્યા.



‘ચાલ, ઊભો થઇ જા. મારા એક સવાલનો જવાબ આપ. છેલ્લા એકાદ મહિનામાં તારા વડે કોઇ એવું કામ થયું હતું જેનાથી પેટની દીવાલ ઉપર દબાણ આવે?’

મધુભાઇના દિમાગમાં બત્તી થઇ ગઇ, ‘હા, સાહેબ! જે દિવસે આ દુખાવો શરુ થયો તે દિવસે હું મારા સ્કૂટર પર બેસીને કામ માટે નીકળ્યો હતો. અચાનક એક ખાડો આવ્યો. સ્કૂટરનું પાછલું પૈડું એમાં ફસાઇ ગયું. આજુબાજુમાં મદદ કરી શકે તેવું કોઇ હતું નહીં. મેં સ્કૂટરનું ઇગ્નિશન બંધ કર્યું. પછી માંડ માંડ બેલેન્સ સાચવીને પાછળ ઊભા રહી સ્પેર વ્હીલ ઝાલીને સ્કૂટરને ઊંચું કરીને ખાડામાંથી બહાર કાઢ્યું હવે યાદ આવ્યું. એ ઘટના પછી જ મને આ તકલીફ....’

‘દીકરા, તારા પેટની અંદર કશું જ થયું નથી. માત્ર પેટની દીવાલના મસલ્સ ખેંચાઇ ગયા છે. તું ત્રણ દિવસ સુધી પથારીમાં સૂતો રહેજે. હું તને સાદી પેઇનકિલર ગોળીઓ આપું છું. તને બધું જ ખાવા–પીવાની છૂટ છે. જરૂર જણાય તો ગરમ પાણીની કોથળીનો શેક કરજે. તને અવશ્ય સારું થઇ જશે.’

ડૉ. વસાવડાના કરચલિયાળા ચહેરા પર રમૂજ ઊપસી આવી, ‘હા, પણ ત્રણ દિવસ પછીયે જો તારો દુખાવો મટ્યો ન હોય તો આ કાગળમાં હું એક એવી અમોઘ દવા લખી આપું છું જે તારે લેવી પડશે. પણ એક શરત છે. તારે એ દવા અત્યારે વાંચવાની નથી. આજથી ચોથા દિવસે આ ગડી કરેલો કાગળ ઊઘાડીને વાંચી લેજે.’

‘ભલે, સાહેબ! આપની ફી?’

‘બેટા, હવે આ ઉંમરે મારે શું લેવાનું હોય? મારા સંતાનો બધા સુખી છે. આ તો તું મારા ઉંબરે આવ્યો એટલે મેં તને

તપાસી લીધો. બાકી ભગવાન હાટકેશ્વરની પૂજા એ જ મારી પ્રાઈવેટ પ્રેક્ટિસ!'

મધુભાઈને પ્રથમ ચોવીસ કલાકમાં જ સારું જણાવા લાગ્યું. બીજો દિવસ ખતમ થતાંમાં તો એ વછેરા જેવા બની ગયા એને ત્રીજા દિવસના અંતે ઘોડા જેવા. સંપૂર્ણ બેડ–રેસ્ટ, દર્દશામક ગોળીઓ અને ગરમ પાણીનો શેક. જાણે જાદુ સર્જાઇ ગયો! પણ માનવી આખરે માનવી જ છે ને! ચોથા દિવસે પ્રભાતના પહોરમાં ઊઠીને મધુભાઈને મનમાં કૂદાકૂદ કરી રહેલી જિજ્ઞાસાવૃતિને સંતોષવા માટે જ પેલી ચીઠ્ઠી હાથમાં લીધી. ગડી ખોલીને વાંચી લીધી. ડૉ. વસાવડાએ એમાં લખ્યું હતું. 'દીકરા, આ ક્ષણે તને તપાસ્યા પછી હું તને વિશ્વાસ અપાવું છું કે ત્રણ દિવસ પછી તું સારો થઇ ગયો હોઈશ. મેં જિંદગી આખી સરકારી નોકરીમાં પસાર કરી દીધી છે. રોજના સેંકડોના હિસાબે દર્દીઓ તપાસ્યા છે. કોઇ પણ ડૉક્ટરની ખરી કુશળતા એના અનુભવમાંથી આવે છે. મેરે યે બાલ ધૂપમેં સફેદ નહીં હુએ હૈં! આ ચીઠ્ઠી એ મારા તરફથી મારા દર્દીને આપવામાં આવેલું 'બોન્ડ' છે. જો તને સારું ન થઇ જાય તો માની લેજે કે ડૉ. વસાવડાની ડિગ્રી એ ડિગ્રી નહોતી પણ કાગળિયો હતો. ભગવાન હાટકેશ તારા પર આશીર્વાદ વરસાવે!'

સત્ય ઘટના છે. અન્ય ડૉક્ટરોની ઓળખ બદલાવેલી છે. એ બધાં પણ હોશિયાર ડૉક્ટરો જ છે, પણ મધુભાઈના કિસ્સામાં એમના હાથમાં જશ નહીં લખાયો હોય! ડૉ. વસાવડા સાહેબ થોડાં સમય પહેલાં જ લગભગ નેવું વર્ષની વયે સ્વર્ગે સિધાવી ગયા. આ ઘટના ઉપર આજે પંદર–સોળ વર્ષના થર ચડી ગયા છે. (દિવ્ય ભાસ્કરના સૌજન્યથી)



# અઢળક ઢળિયો રે શામળિયો

–કલ્યાણ

મા આપના પ્રગટ સ્વરૂપનું સાન્નિધ્ય પામ્યા પછી અમને આપના બાળકોને તો કોઇ તમા રહી નથી । હા । બીજા કોઇ ઈશ્વરસ્વરૂપના દર્શનની પણ નહીં.

મા આપના બાળકો પ્રત્યેના સ્નેહ અપાર વાત્સલ્ય ઢોળવા ખોરાસા પધાર્યાં. તેથી બાળકો તો રાજીના રેડ થઇ ગયા. ખુશીમાં ઝૂમી ઉઠ્યા!

**શેરી વળાવીને સજ્જ કરું ઘેર આવોને,**
**આંગણિયે વેરું ફુલ, હરિ ઘેર આવોને.**

શ્રી હરિ પધાર્યા ને ગોકુળિયા ગાયને ગોંદરે ઢોલ ઢબુકી ઉઠ્યા, શરણાઇ ગૂંજી ઉઠી. ગામની શેરીઓ આસોપાલવના તોરણોથી લહેરાઇ ઉઠી. ગોકુળિયા ગામની ધરતી પર માના પુનિત પગલાં પડ્યાં. ગામને ગોકુળની ધન્યતા ધરી. માનાં બાળકો માતૃદર્શને નાચી ઉઠ્યા, અંતરમાં આનંદના ઓધ ઉમટ્યા.

**આજ સખી આનંદની હેલી**
**માતૃદર્શને હું તો થઇ ઘું રે ઘેલી.**
**ના ગઈ ગંગા, ગોદાવરી, કાશી,**
**ઘેર બેઠા મળ્યાં ગોલોકવાસી. આજ**
**તપને તીરથમાં હું કંઇ નવ જાણું,**
**પ્રણામ કરીન હું તો સુખડાં રે માણું. આજ**
**ગોપી કલ્યાણને મા સહેજે રે મળિયા**
**ગુરુહરિપ્રતાપે મા અઢળક ઢળિયાં. આજ**

પરમશક્તિની પધરામણીની ઘડીઓ રળિયામણી બની ગઇ! જાણે સોનાનો સૂરજ ઉગ્યો! માની અમિદૃષ્ટિથી અંતર અમૃત છલકાઇ ઉઠ્યા મનમંદિર માતૃવાત્સલ્યની સુવાસથી મહેકી ઉઠ્યું! બાળકોપર અમીદૃષ્ટિની વર્ષા કરી સૌના અંતરને ભીનાં ભીનાં નીતરતા કરી દીધાં!

**મા પધાર્યાની ઘડીઓ રળિયામણી બની ગઇ.**

**આજની ઘડી રળિયામણી**
**મારા શ્રીમા પધાર્યાની વધામણી હોજીરે. આજની**
**માના દર્શને મનડું હરખાયજી,**
**મારા ઉરમાં ઉમંગ ઊભરાય હોજીરે. આજની**
**હૈયે આનંદના ઓઘ અતિ ઉમટ્યા**
**હૈયે વસંતખીલી પુરબહારમાં હોજીરે. આજની**
**હૈયું હરખે દર્શને વારંવાર જો**
**ઉર આત્માનંદે છલકાય હોજીરે. આજની**
**કરે કલ્યાણ લટકાં પૂરાભાવથી**
**લટકે વારિજજો મોરી માત હોજીરે. આજની**

માના દર્શને આનંદના ફુવારા ઉડી રહ્યા બાળકોની રોમેરોમ રાસ રમી રહ્યાં. પ્રાણના સ્પંદનો ઝંકૃત થઇ ઉઠ્યા! સર્વત્ર મંગલ મંગલ વર્તાય રહ્યું!

**શ્રીમા ભલે પધાર્યા ગોકુળધામ**

**અમે તમારા બાલકુસુમો દર્શને મલંકતા,**
**ખીલી ઉઠી અમ અંતર કળીઓ, પ્રેમવર્ષાને ધાર. શ્રીમા**
**આજ અમારે હૈયે ઉત્સવ, ઉમંગ અપરંપાર**
**મસ્તક તવ ચરણે મૂકીને, ધન્ય બન્યા છે આજ. શ્રીમા**



**અંતર આશ અહર્નિશ એવી,**
**હૈયે વસાજો નીત,**
**પર્વપ્રેમનું ઉજવે બાલસૌ**
**પામી માતૃપ્રીત. શ્રીમા**

મા પધાર્યા જાણે અમૃતનું ટાણું આંગણે ઉતરી આવ્યું. વૃંદાવનની કુંજગલીઓ જાણે ગોવિંદલીલા ગાઇ ઉઠી!

શ્રી પ્રફુલ્લાબેનના મુખમાંથી પૂ.શ્રીમાના પુનિત પગલાંને વધાવતાં ભાવવિભોર બની શબ્દો સરી પડ્યા.

મા આજે અમારા અંતરમાં હરખ સમાતો નથી. રોમેરોમમાં આનંદની રસધારાઓ વહી રહી છે અમારા ગૃહમંદિરમાં આપના જ માતૃપ્રેમની રેલમછેલ ફરી વળી છે.

અમે સ્વર્ગારોહણ આપના દર્શને આવ્યાં ત્યારથી આપની કૃપાદૃષ્ટિથી—અમીદૃષ્ટિથી અભિભુત થઇ ગયાં છીએ. મા જ્યારથી અમે આપના દિવ્ય સ્વરૂપની પ્રાણપ્રતિષ્ઠા અમારા ગૃહમંદિરમાં કરી છે ત્યારથી અમારી સર્વપ્રકારે ઉન્નતિ થઇ છે. વેપાર ધંધામાં પણ સારી બરકત થઇ છે. આર્થિક સ્થિતિ સધ્ધર બની છે. કુટુંબના સભ્યો વચ્ચે પરસ્પર પ્રેમભાવ પ્રબળ બન્યો છે. બધાજ હળીમળીને—સંપીને રહે છે. એકબીજાને મદદરૂપ થાય છે. બાળકો પણ તેજસ્વી, વિનયી અને આજ્ઞાંકિત છે દરરોજ સવારે પ્રણામપૂજા અને સાંજે નિયમિત સત્સંગ થાય છે. સ્વર્ગારોહણ આવ્યા ત્યારે આપના વરદહસ્તે બાળકોને દફતરની કીટ અને લક્ષ્મીની પ્રસાદી મળી છે. આપ જ્યારે આજે સાક્ષાત અમારે આંગણે પધાર્યાં છો તો તેનો આનંદ વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી. આપની કૃપાને અહોભાવે મસ્તકે ધારણ કરીને ધન્ય ધન્ય બની ગયા છીએ. ઘેર બેઠાં ગોલોકવાસી પધાર્યા છે

ત્યારે આપના શ્રી ચરણોમાં ઓળઘોળ થઈને આળોટી રહ્યાં છીએ.

હે મા! કયાં શિવ અને ક્યાં જીવ! જાણે આભ–જમીન અંતર! આપની સામે નમમસ્તકે ઊભાં રહેતાંય સંકોચ અને શરમ અનુભવાય છે.

સુદામાની ગરીબાઇ જેવી જ આ જીવની સાધનાની ગરીબાઇ. સુદામાની કાંગની પોટલી જેવી જ સાધનાની નાનકડી જીર્ણશીર્ણ પોટલી, દેખાડતાંય સંકોચને શરમનો પાર ન રહે.

મા જીવની કોઇ હેસિયત નહીં છતાં આપની મોટપ તો જુઓ! સુદામા, શબરી અને વિદુરજી તો ભાવની ભરતીથી છલોછલ ભરેલા એટલે તેમના નેહમાં ન્હાવા હરખભેર સામેથી શામળિયો અઢળક ઢળિયા પણ ખોરાસા તો હોલાભાઈના તરપંખડા જેવા ઉજ્જડ વેરાન માળામાં સાધનાની નાનકડી છાંયડી પણ નહીં છતાં એજ જે શબરીની ને વિદુરજીની ઝુંપડીએ પધાર્યા હતા તે જ શામળિયા અહીં પણ પધાર્યા એટલે જ શાસ્ત્રોએ અને સમર્થ સિદ્ધ સંતોએ પરમશક્તિને કરુણાના સાગર કહ્યાં છે. તે કેટલું પરમ સત્ય છે, તેની પ્રતીતિ આજે પ્રત્યક્ષ ફરી એકવાર નિહાળવાનું સૌભાગ્ય મળ્યું, જીવની કોઇ ભૂમિકા નહીં છતાં એકમાત્ર કરુણાને વશ થઈને મા પધાર્યાં.

જીવની કોઇ વિશેષતા નથી, મા વિશેષતા કેવળ આપની જ કે આપ જ દયાના દરિયા, કરુણાના સાગર, પ્રેમના પારાવાર અને વાત્સલ્યના વારિધિ છો. એટલે અનેક કષ્ટો સહન કરીને પણ જીવને જગાડતાં રહો છો કે જાગ જીવ જાગ. આ અવસર ફરી ફરી નહીં આવે. સામેથી પધારીને જીવને જગાડો છો.

(ક્રમશઃ)



# સૂર્યનારયણ યાત્રા ૨૦૧૪(૨)

(ગતાંકથી શરુ) —મા સર્વેશ્વરી

પ્રસાદ પામી સૌ પ્રસન્ન થઇ ગયા.

વ્હાઇટહોર્સ નામનું નાનકડું શહેર, નાનકડું એરપોર્ટ, નાનકડી વસ્તી.

પણ જરૂરિયાતનું બધું જ મળે તેવા જાણીતા સ્ટોરો પણ ખરા.

વ્હાઇટહોર્સનો સીધો સાદો અર્થ તો સફેદ ઘોડો. પણ અહીં એવા સફેદ કે લાલ ઘોડા જોવા ન મળે.

વ્હાઇટહોર્સ શબ્દ આજે આખો દિવસ પેલી બે પવિત્ર પંક્તિનું સ્મરણ કરાવતો રહ્યો.

**સફેદ ઘોડે શોભતા, મોટા રથવાળા**
**કૃષ્ણે અર્જુને શંખને, દિવ્ય વગાડ્યા ત્યાં**
**'સરળ ગીતા'—અધ્યાત્મ ૧**

મહાભારતના મેદાનમાં યુદ્ધની એ ક્ષણોમાં ભગવાન શ્રી કૃષ્ણ મોટા રથમાં બિરાજમાન છે. તેના અશ્વો સફેદ છે.

સફેદ ઘોડા યુદ્ધમેદાનમાં ઉભા છે. અને આ વ્હાઇટહોર્સ નામનું શહેર કેનેડાની ધરતી ઉપર ઉભું છે.

કયા શબ્દો કોને ક્યાં કેવી રીતે જોડી દે તે બધી મનની ઝીણી રમતનું દર્શન કરાવે. જોકે સાત્વિક સ્મરણનું અનુસંધાન શ્રેષ્ઠ ને ઉપયોગી ગણી શકાય.

ક્યાં વ્હાઇટહોર્સ કેનેડાનું નામ ને ગામ અને ક્યાં કુરુક્ષેત્રના પ્રભુના રથનું, તેમના શ્રેષ્ઠ સેવકો સફેદ ઘોડાનું સ્મરણ?

માને એ સ્મરણથી આનંદ થયો. અનુસંધાનનું સ્મરણ

મનઅંતરનું દર્પણ છે. ઓળખ છે.

આજે પૂરા ૧૩ કલાકની યાત્રા હતી. છતાં અહીંની બેસ્ટવેસ્ટર્ન મોટેલમાં ક્ષણિક વિશ્રામ પછી જરાક એક આંટો મારવાનું બન્યું.

બેન ક્ષીપ્રા કહે, મા બહાર સરસ વાતાવરણ છે. ચાલવાનું ગમશે.

અને બધા જ સાથે બે ગાડીમાં નાનકડા શહેરમાં ફર્યા. અને થોડુંક શોપિંગ પણ સૌએ કર્યું.

જે મોટા શહેરોમાં ના મળે તેવા રસ્તા છતાં સારાં વસ્ત્રો આ નાનકડા શહેરના નાનકડા સ્ટોરમાં સાવ મફતના ભાવે મળ્યાં એટલે ભાઇ વિકાસ, ભાઇ અનિલે પણ તેનો લાભ લીધો.

જેમ કોઇ મોટા મોટા નામાંકિત સંતો પાસે જે સત્સંગ ના મળે તે કોઇકોઇ વાર નાનકડા ઘરના ગૃહસ્થીઓના ઘરમાંથી તેમના આદર્શ આચરણમાંથી સહજ રીતે મળી જાય તેવું.

આજે નિર્જળાવ્રત હતું જે અહીં ૨૪ કલાકે પૂર્ણ થયું.

નિર્જળાવ્રતને કોઇ યાત્રા નડતી નથી. એ વ્રતનો રાજમાર્ગ સાવ સાફ, સરળ ને સહજ છે. માનો દેહ એને ફાવી ગયો છે. નિર્જળાવ્રતને એ ઘર ગમી ગયું છે અને માને પણ એ વ્રત જોડે ઘનિષ્ઠ મિત્રતા છે. બન્નેને સારું બને છે એટલે આસપાસ વસતા સ્વજનોને પણ શાંતિ છે.

જો વ્રતને અને દેહને અણબનાવ હોય તો કોઇપણ કાર્ય સફળ ના થાય. બન્નેને પરસ્પર મેળ હોવો જોઇએ.

જેમ ડાયાબિટિશના દર્દીને ગમે તેટલી ઉપવાસ કરવાની તીવ્ર ઇચ્છા હોય પણ એમણે દેહને ખોરાક આપવો જ પડે. અહીં દેહ વિક્ષેપ ધરે ને ઉપવાસનું વ્રત અધુરું રહે.

આ બધું વિચારતાં લાગે કે માનો દેહ અને આ નિર્જળાવ્રતને



સારું બને છે.

અહીં મેબર્લી કરતાં ઘડિયાળ ૩ કલાક પાછળ છે. મેબર્લીના રાતે ૧૨ થયા ત્યારે અહીં રાતે નવ જ વાગ્યા છે. છતાં વિશ્રામ સમયસર થયો છે. હે પરમ સખા! પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

**૧/૭/૨૦૧૪, વ્હાઇટહોર્સ થી ડાઉશન સીટી (યુકોન, કેનેડા)**

વીતી રાત અને પ્રગટ્યું પ્રભાત. આ શબ્દ પ્રયોગ આ ધરતી માટે યોગ્ય નથી. કેમ?

અહીં આ વ્હાઇટહોર્સની ધરતી ઉપર અમે આખી રાત પ્રકાશીત જોઇ છે. પ્રભાત પ્રગટતું જ નથી. પ્રભાત જાણે અમર છે. રાતના અંધકારને અહીં પ્રવેશવાની મનાઇ છે.

ઘડિયાળ ભલે રાતે ૧૨ બતાવે, ૦૨ બતાવે. પણ અહીં તો આકાશ અને ધરતી સાથે મળીને પરમ પવિત્ર પ્રકાશનું પર્વ અખંડ મનાવી રહી છે.

હા. માર્ગ બધા સૂના હતા. સ્ટોર બધા બંધ હતા. અવરજવર નહીંવત્ હતી. પણ પ્રકાશ તો સેવક બનીને પડખે ઉભો હતો.

આ ધરતી ઉપર એનું દર્શન કરવા જ તો આવ્યાં હતાં.

માના ઓરડામાં લાઇટ વગર વાંચી શકાય. લખી શકાય. રાત અને દિવસ સરખા જ લાગે છે.

આજે ૫૩૩ કિ.મી. દૂરદૂર ગાડી ચલાવીને ડાઉસન (Dawson ડૉસન) સીટી પહોંચવાનું છે. ગણત્રી હતી ૭, ૮ કલાક થઇ જશે.

વ્હાઇટહોર્સથી બે ગાડી પ્રસ્થાન કરે છે. એકના સારથિ છે શ્રી જગુભાઇ અને બીજી ગાડીના સારથિ છે શ્રી વિકાસભાઇ.

માર્ગ હરીયાળા, શાંત જાણે મૌનવ્રત ધારી તપસ્વી જેવા.

નાનકડા માર્ગ ગાડીની ગતિમર્યાદા ઓછી. ક્યાંયે કોઇ

જોવાલાયક સ્થળો કે પ્રલોભન આપતા સ્ટોર કે શહેર ગામડાં કશું જ નહીં.

જાણે આ માર્ગે જનારા પણ સૌ પ્રકૃતિપ્રેમી અને એકાંતપ્રેમી બની જતા હોય એવું લાગે છે.

અહીં માર્ગ જાણે ગિરિમાળા અને વનરાજીથી મઢેલો. છતાં શાંતિ જાણે સખી બનીને પડખે ઉભી છે.

શ્રી હરિથી હરીયાળું આ પ્રાકૃતિક દર્શન સર્વ તાપ, પાપને શાંત કરનારું છે.

સાધક જીવનને અતિપ્રિય એવું આ એકાંત શાંત પ્રકૃતિ દર્શન છે. વિશ્વના સઘળા ઘોંઘાટો આ માર્ગે જાણે શમી જાય એવું સહાયક વાતવરણ છે.

માર્ગની બન્ને બાજુ યાત્રીઓનું મૌનવ્રત સાથે સ્વાગત કરતી વનરાજી ઉભી છે. કોઇ તપસ્વીની, કોઇ સાધકની વાટ જોતી વરસોથી, યુગોથી ઉભી છે.

કોઇક આ વનરાજીમાં પદ્માસન વાળી પ્રભુને પોકારે ને જો પ્રભુદર્શન દે તો અમને પણ અમારા જન્મનું ફળ દર્શનના રૂપમાં મળી જાય. એવું એવું વિચારતી વનરાજી એક પગે ધ્રુવની જેમ ઉભી છે.

હરિયાળી પાઘ ધારણ કરીને શ્વેત દેહધારી ઋષિમુનિઓ જેવાં સફેદ થડનાં પાતળાં ઉંચા વૃક્ષો પણ જોવા મળે છે.

સફેદ થડ જાણે ઉભા ઉભા સૌને જગાડી રહ્યાં છે.

જુઓ મેં બધા જ સંસારી રંગને ત્યાગીને એક માત્ર પવિત્ર સફેદ રંગ ધારણ કર્યો છે.

એવા પવિત્ર સફેદ મન અંતઃકરણવાળા બનો તો આપણા મસ્તકે શ્રી હરિની હરિયાળી નિવાસ કરે.



વનરાજી, સફેદ વૃક્ષો, ગિરિમાળા અને વિશાળ ખુલ્લુ આસમાની આકાશ કોઇ કવિ ને લેખકની કલમને આ તત્વો મોકળુ મેદાન આપે તેવું છે.

આસમાની આકાશમાં કેટલીક વાર વાદળાઓ સરસ ગુફાઓ પણ બનાવતાં દેખાય છે.

આસમાનની એ ગુફાઓ પણ જાણે યોગીઓને આસન વાળવાની આમંત્રણ પત્રિકાઓ લખી રહ્યાં છે.

ચાર બાજુથી પ્રકૃતિના સર્વ દેવીદેવતાઓ યાત્રીઓને આવકારતા છડી પોકારતા શિસ્ત સાથે ઉભા છે.

કેટલીક વનરાજીઓ ચીડના વૃક્ષોથી શોભે છે. નાની નાની દીવડીઓ લઇને જાણે દિવાળીપર્વ ઉજવવા ઉત્સુક છે. એવું એ નાનકડા વૃક્ષોનું સૌંદર્ય માણવા જેવું છે.

ક્યાંયેક વળી ગિરિમાળાના મસ્તકે ઘણી બધી આંખ હોય તો ક્યારેક લીસા પથ્થરો હોય કે ક્યાંયેક વૃક્ષો કે છોડ હોય છે.

વિવિધ સૃષ્ટિ, વિવિધ રૂપરંગ, વિવિધ સૌંદર્ય અને એના દર્શકો પણ વિવિધ વ્યક્તિવાળા વિવિધ દેશ ને વિવિધ વેશવાળા હોય છે.

પ્રાકૃતિક સૌંદર્યમાં ઘણાં બધાં સ્વચ્છ પારદર્શક નીલવર્ણના જળપ્રવાહ સાથે સરોવરો પણ આ માર્ગને રમણીય બનાવે છે.

અહીં શ્રમહર પ્રકૃતિ છે. જોતાવેંત ઝૂકી જવાય, થાકેલો, હારેલો, કંટાળેલા માનવને નવી સ્ફૂર્તિ શક્તિથી સંપન્ન કરી રસમય કરે તેવી પ્રાકૃતિક શોભા છે.

મનમૂકીને પ્રકૃતિને માણતા માણતા ૭ કે ૭।। કલાકે ડાઉસન સીટીના સ્થળમાં આવી ગયા.

(ક્રમશઃ)

# 'અંતરનો અનુરાગ'

–પ્રો. તરલા દેસાઈ

**કૃતિનો પરિચય**

**શ્રી યોગેશ્વરકૃત ''અંતરનો અનુરાગ''**

શ્રી યોગેશ્વર જેવા મહાત્માઓ 'પરમાત્મા'એ એક જ શબ્દને પોતાના મન–વચન–કર્મમાં પલટાવવા ઉત્સુક હોય છે એટલે કવિ હોવાનો ગર્વ એમનામાં કદી પાંગરતો નથી. તેથી એમની રચનાઓને કાવ્યત્વની દૃષ્ટિએ નહીં પણ એમની સળંગ સાધનાની પ્રક્રિયારૂપે, આત્મઓળખ કે પરમાત્માદર્શનની અદમ્ય ઝંખનાના આવિષ્કારરૂપે નિહાળવી ઘટે.

ઈ.સ.૧૯૫૪માં રચાયેલો 'અંતરનો અનુરાગ' કાવ્યસંગ્રહ શ્રી યોગેશ્વરનો શબ્દદીપ નહીં, અંતરદીપ છે. જેમાં ૧૬૫ રચનાઓ પ્રભુદર્શનની પ્રબળ ઝંખનાથી ઝળહળે છે. અહીં પ્રભુવિરહ છે. વ્યાકુળતા–વિહ્વળતા–આતુરતા છે. બદલાતી પ્રત્યેક મોસમમાં, સતત ફરતા રહેતા કાળચક્રમાં એકધારો, સ્થિર પ્રભુપ્રેમ એમના અંતરસ્થ સ્થાયી ભાવનો પર્યાય છે.

કાવ્યરચનાના શીર્ષક 'અંતરનો અનુરાગ' વર્ણાનુપ્રાસ તો પણ મનોહર છે જ, એનો અર્થ–મર્મ એટલો જ આકર્ષક છે. અહીં 'અનુરાગ' છે, દેહ–મનની ગલીઓમાં અટવાયેલો નહીં, અંતરમાં પ્રતિષ્ઠિત થયેલો, અંતરમાંથી જ આવિર્ભૂત થયેલો, જે કેવળ પ્રભુપ્રાપ્તિના એકમાત્ર લક્ષ્યથી પ્રેરિત છે. એટલે એને અનુરૂપ ભાવવાહી–અર્થવાહી ભાષા અનાયાસે સિદ્ધ થતી જાય છે. કવિશ્રીના અંતરાત્માનું ઓજસ એમાં સહેજે પ્રગટી રહે છે.



'અંતરનો અનુરાગ'નાં સર્વ કાવ્યોમાં શિરમોર કહી શકાય એવું કાવ્ય છે;

**અંતરના અનુરાગ ભરેલાં**
**ગીત ગૌરવે બધાં મઢેલાં**
**સ્નેહ સુવાસે છેક છલેલાં,**
**અર્પું છું તમને.**

શ્રી યોગેશ્વરનું પ્રભુવિરહિત અંતર પ્રત્યેક કાવ્યમાં પોતાની આગવી રીતે પ્રગટતું જાય છે, જેમ કે–

**o દીપક છે પણ તેજ ન તેમાં સ્નેહ છતાં ના સાર**
**ફૂલ મહીં ફોરમ ના લાગે, આંખ છતાં અંધાર.**
**o મિલન વિના લેશ પડે ના ચેન**
**આઠે પહોર ઉદાસીન અંતર**
**લાલ બનેલાં નેન**
**o મારા દિલમાં લાગી લ્હાય**
**મને દર્શન ક્યારે થાય?**
**o મારે તમારો જ આધાર**
**અન્ય નથી કોઈ યે મારું**
**જગમાં જગદાધાર!**

ભક્તની અમીટ પ્રભુશ્રદ્ધાથી ઘણી રચનાઓ ઝળકી રહે છે, જેમ કે–

**o કૃપાની વર્ષા થતાં કૈં યે અસંભવ ના**
**મૂર્ખ પણ જ્ઞાની બને ને મૂક જણ પણ ગાય**
**પંગુ પર્વત પર ચઢે ને અંધ એકલ જાય.**
**o મુજ સમ કોઈ ના બડભાગી**
**તમારાં ચરણોનો અનુરાગી.**

અનન્ય આત્મશ્રદ્ધાના તેજે પણ ઘણી કાવ્યપંક્તિઓ મઢાઈ છે, જેમ કે—

**ં ધન્ય જેણે કરી લીધો એક તમને પ્રેમ**
**કર્યું જેણે હૃદય નિર્મળ હોય જેવું હેમ.**
**ં દૃઢ કર્યે નિરધાર કૈં ય કઠિન રહેશે ના**
**પીગળી પર્વત જશે સંકટ રહેશે ના.**
**ં ઊછળે ચારે પાસ તરંગ**
**તો યે ધ્યાન થાય ના ભંગ.**

પ્રભુવિરહી હૃદયની વિજ્ઞપ્તિઓ પણ અત્યંત હૃદયદ્રાવક છે, જેમ કે—

ં અરજ છેક સાધારણ મારી
ધ્યાન ધરો અવિનાશી
પાગલ પ્રેમીની પૃથ્વીમાં
જોજો થાય ના હાંસી.
ં આપણો તો પૂરવ જનમનો પ્રેમ
તમે ભૂલી ગયાં છો કેમ?
ં આજ તો કરશો નહીં નિરાશ
એવી છે અંતરની આશ.
ં નદી તેમ ઝરણાંનું જળ છે
તો ય ન ચંચુ ભરે. (ચાતક)

‘બીલીપત્ર’ની નવી જ વિભાવના પ્રગટ કરતી રચના અત્યંત હૃદયંગમ છે, જેમાં સૂક્ષ્મ સંવેદનનું લાવણ્ય છે :



**ચઢાવું બીલીપત્ર ના હું**
**કોમળ પર્ણ કુસુમ કાં તોડું**
**સાજ સજાવું શું**
**જ્યાં પ્રકટ્યાં ત્યાં પૂજા કરતાં**
**બાધે વિરાજે તું.**

અદમ્ય પ્રભુપ્રતીક્ષા શ્રી યોગેશ્વરને જાણે કવિશ્રી કાલિદાસ રચિત ‘મેઘદૂત’ની અનુકૃતિ રચવા પ્રેરે છે જે ‘અંતરનો અનુરાગ’ કાવ્યસંગ્રહનું ઉચ્ચતમ શૃંગ છે :

**‘વાદળ, નભની પાર આજે જાઓ**
**સૂર્યચંદ્રની ગતિ છે ના જ્યાં**
**પવન પહોંચે ના પાવક ત્યાં**
**ધામ કહે છે એનું છે ત્યાં**
**શીઘ્ર જઈને ભાળ લગાવો.’**

વાદળને પરમાત્માનું નામ—સરનામું શોધવા મોકલતો વિરહાતુર આત્માનો અનુનય કોઈ પણ ભાવકહૃદયને આર્દ્ર કરી દે તેવો છે :

**‘ભૂમિ હિમાલયની હરિયાળી**
**બેઠો બાલક ત્યાં રસ ધારી**
**પ્રેમ તણો છે પ્યાસી એ તો**
**દીધું સર્વ વિસારી.’**

‘દીપાવલી કેમ સજે ના સાજ’ કાવ્યના આરંભમાં—

**‘ઘરેઘરે દીપક છે પ્રકાશ્યા**
**અનંત મંદિરમાં વિરાજ્યા**

**દેખાય તારાગણ છેક કાચા**
**પ્રકાશને યે પ્રકટેલ વાચા!'**

જેવું મનોરમ, સુંદર વર્ણનચિત્ર આપ્યા પછી કાવ્યાન્તે—

**'દીપાવલીથી વધુ તેજ ધારી**
**સુવાસ ને કાંતિ અનંત ન્યારી**
**લઈ પધારો મુજ પાસ પ્રેમે**
**કૃપા કરો આજ અવશ્ય કેમે'**

એવી ભાવભરી વિનવણીથી મઢાયેલ નિમંત્રણપત્રિકા કવિશ્રી પ્રભુને પાઠવી રહે છે.

આમ, આ કાવ્યસંગ્રહનું એકએક કાવ્ય અનેરું ભાવપુષ્પ બનીને મહેંકે છે. પરિણામે એક યુવા ભક્તહૃદયમાં પ્રગટેલો પ્રભુપ્રેમનો આખો વાસંતી બાગ જાણે 'અંતરના અનુરાગ'માં મઘમઘતો અનુભવી શકાય છે. ભાવ—ભાષાનું સાયુજ્ય કાવ્યોની અભિવ્યક્તિને અસરકારક બનાવી રહે છે. પ્રભુદર્શનની પ્રબળ ઉત્કટતા ઉપસાવતી આ કાવ્યરચનાઓ શ્રી યોગેશ્વરની પ્રતિભાનો પ્રભાવક ઉન્મેષ છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# આપણી પ્રાર્થનાનો ઓરડો...

—નીલમ દોશી

પ્રાર્થના એ ફક્ત ભારતીય સંસ્કૃતિનું જ નહીં, કોઇ પણ સંસ્કૃતિનું આગવું અને અગત્યનું અંગ રહ્યું છે. દરેક ધર્મમાં એનું મહત્ત્વ સ્વીકારાયું છે. શિશુ બોલતાં શીખે ત્યારથી તેને એક કે બીજી રીતે પ્રાર્થના, કોઇ શ્લોક શિખવાડવામાં આવે છે જે જીવનપર્યંત...અંતિમ ક્ષણ સુધી ચાલતી રહે છે. જીવનની વિદાયવેળાએ...આખરી ઘડીએ પણ એનાં કાનમાં એવા કોઇ ધાર્મિક શબ્દો પડે એનું મહત્ત્વ સ્વીકારાયું છે.

સ્કૂલમાં સવારે ગવાતી સમૂહપ્રાર્થના મોટા થયા પછી પણ આપણી ભીતરમાં જળવાઇ રહેતી હોય છે. ગાંધીજી સર્વધર્મ પ્રાર્થનાના કેટલા આગ્રહી અને ચુસ્ત સમયપાલનના હિમાયતી હતા એનાથી આપણે કોઇ અજાણ્યા નથી જ. પ્રાર્થના એક શબ્દની હોઇ શકે કે લાંબી પણ હોઇ શકે અથવા શબ્દો વિના મૌન પણ હોઇ શકે. ગમે તેવો નાસ્તિક માનવી પણ જીવનમાં એકાદ ક્ષણે વિના મૌન પણ હોઇ શકે. એકાદ ક્ષણે તો કોઇ અદૃશ્યના અસ્તિત્વથી પ્રભાવિત થયો જ હોય છે. સંકટ સમયે...કોઇ પરમ પીડાની ક્ષણે 'હે મા...' 'હે ભગવાન' કે પછી એવો કોઇ પણ શબ્દ જે અનાયાસે આપોઆપ અંદરથી નીકળી આવે તો પ્રાર્થનાનું જ સ્વરૂપ છે ને?

પ્રાર્થનાથી સમય કે સંજોગો બદલાય કે ન બદલાય, પરંતુ જો દિલથી સાચી પ્રાર્થના થઇ શકે તો આપણું ભીતરનું પોત જરૂર

બદલાઈ શકે અને એ બદલાયેલું પોત, બદલાયેલું મન સમય અને સંજોગો બદલવા સમર્થ બને છે. આત્મવિશ્વાસ, શ્રદ્ધા જાગે છે અને ભીતરી શક્તિનો સંચાર થતા સંજોગો સામે ઝઝૂમવાની તાકાત આવે છે.

જીવનમાં ઘણી વખત નિરાશાની ક્ષણો આવતી હોય છે ને આપણને લાગે છે કે ઈશ્વર આપણી કોઈ પ્રાર્થના સાંભળતો જ નથી. આપણા કોઈ પ્રશ્નો ઉકેલાતા જ નથી અને ગુસ્સે ભરાયેલા શિશુની માફક આપણે કદીક બોલી ઊઠીએ છીએ, 'જા, નથી રમતા...નથી કરવી પ્રાર્થના...' આપણી આવી બાલિશતા પર જગનિયંતાને ચોક્કસ હસવું આવતું હશે.

આ વાત સાથે સંકળાયેલી ચીનની એક લોકકથા યાદ આવે છે.

એક માણસને એક વાર સપનું આવ્યું કે દેવદૂત એને સ્વર્ગની મુલાકાતે લઈ જાય છે. ત્યાં દેવદૂત એને એક પછી એક ઓરડામાં ફેરવે છે. એક ઓરડામાંથી પસાર થતાં માણસે ત્યાં પડેલા જુદા જુદા પ્રકારનાં અનેક બૉક્સ પડેલાં જોયાં. જે બધાં પેક થયેલાં, અકબંધ હતાં અને દરેક પર 'ભેટ' એવા શબ્દો લખાયેલા હતા. માણસને આશ્ચર્ય થયું છે. આટલાં બધાં સુંદર ગિફ્ટ બૉક્સ? તેણે દેવદૂતને પૂછ્યું.

'આ બધું શું છે? આટલી બધી ભેટ કોની છે? આ કોને આપવા માટેનાં બૉક્સ છે?'

દેવદૂતે જવાબ આપ્યો,

'અનેક લોકો પોતાને જોઈતી વસ્તુ માટે પ્રાર્થના કરતા હોય



છે. માગણી કરતા હોય છે. એમને એની પ્રાર્થનાઓનો જવાબ આપવા માટે, એમને એ બધી વસ્તુઓ પહોંચાડવા માટે અમે એમની માગણી મુજબની ભેટ તૈયાર કરીએ છીએ, પણ હજુ એ પૂરી તૈયાર થાય અને એ પહોંચાડી શકીએ એ પહેલાં જ એ લોકો પ્રાર્થના કરવાનું છોડી દે છે અને અમારા પરથી વિશ્વાસ ઉઠાવી લે છે. એમનો ભરોસો તૂટી જાય છે. લોકો થોડી ધીરજ રાખીને રાહ જોવા તૈયાર નથી. જ્યારે આટલા બધા લોકોની પ્રાર્થના સાંભળવાની હોય. એમની માગણીઓ, અપેક્ષાઓ પર ધ્યાન આપવાનું હોય ત્યારે વિલંબ તો થવાનો જ, પણ એ સમજ્યા સિવાય લોકો પ્રાર્થના ચાલુ રાખવાને બદલે છોડી દે છે, તેથી અમે એની પર ધ્યાન નથી આપી શકતા અને તેમની અધૂરી તૈયાર થયેલી ભેટ અહીં જ રહી જાય છે. આ બધી એ પહોંચ્યા સિવાયની પડેલી ભેટોનાં બૉક્સ છે. કાશ, એમણે પ્રાર્થના ચાલુ રાખી હોત તો અમે એમને આ ભેટો તૈયાર કરીને પહોંચાડી શક્યા હોત.'

આ લોકકથાનો સંદેશ સહેજે સમજાઈ શકે તેવો છે.

ઘણી વખત તો આપણે પ્રાર્થના તો શું ઈશ્વર સુધ્ધાં બદલી નાખતા હોઈએ છીએ. કોઈ આપણને કહે કે આ જગ્યાની માનતા તો બહુ ફળે છે. બે–ચાર અસરકારક ઉદાહરણ આપે અને આપણે તુરત ત્યાં દોડીએ. પછી એ મસ્જિદ હોય, મંદિર હોય કે ચર્ચ હોય. આપણને ભગવાન સુધ્ધાં બદલી નાખતા વાર નથી લાગતી. આપણો ઈશ્વર પરનો વિશ્વાસ, આસ્થા કેટલાં તકલાદી બની ગયાં છે. હમણાં જ એક મિત્ર સાથે વાત થઈ

ત્યારે મને કહે,

જ્યારથી મેં મુંબઈમાં હાજી અલીની મસ્જિદમાં જવાનું ચાલું કર્યું છે ત્યારથી મારાં બધાં કામ સરસ રીતે પૂરાં થાય છે. મેં કહ્યું, તું તો હિન્દુ છે.

ત્યારે મોટી ફિલૉસૉફીની વાત કરતાં તેણે મને સમજાવ્યું કે આટલાં વરસ સુધી શંકર ભગવાનના મંદિરે ગયો. એક પણ સોમવાર પાડ્યા સિવાય એકટાણાં કર્યાં અને મહાદેવજીને દૂધ ચડાવ્યું, પણ કંઇ વળ્યું નહીં. ત્યાં કોઇએ આ હાજી અલીની દરગાહની વાત કરી. આપણે તો અખતરો કરી જોયો અને તું માનીશ...? જાણે ચમત્કાર થયો. હજુ તો બે શુક્રવાર જ ગયો હતો ત્યાં મારી માનતા, મહેનત ફળી. મારું માને તો તું પણ ત્યાં જવાનું ચાલુ કરી દે. પછી જો ચમત્કાર...

તો કોઇ કહે છે, બીજા બધા ગણપતિજીને છોડો. લાલબાગના ગણેશજી તો હાજરાહજૂર છે. એની પાસે જ જાઓ.

આમ આપણે તો ભગવાનના યે અખતરા કરવાવાળા! ભગવાનને યે ભૂલાવામાં નાખી દઇએ. એક જગ્યા કે એક ભગવાન છોડીને બીજી, ત્રીજી જગ્યાએ ભટકતા રહીએ.

દોસ્તો, તમે જ કહો દોષ કોનો? આપણી પ્રાર્થના વણસૂણી જ રહી જાય ને?

★ પ્રાર્થના સવારની ચાવી અને સંધ્યાકાળની સાંકળ છે.



# ભેટ, પછી પશ્ચાતાપથી શું વળે?

—ડૉ.આઇ.કે.વિજળીવાળા

**ભ**ણવામાં ખૂબ જ હોશિયાર એવો અતિશ્રીમંત ઘરનો એક નવયુવક કૉલેજના અંતિમ વરસની પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. એના પિતા એ વિસ્તારના સૌથી ધનવાન અને પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ હતા. છોકરો પણ ભણવામાં ખૂબ તેજસ્વી હતો.

એક દિવસ જમવાના ટેબલ પર થતી વાતચીત દરમિયાન એના પિતાએ પૂછ્યું કે પરીક્ષાની તૈયારીઓ કેવી ચાલે છે? એના જવાબમાં દીકરાએ જવાબ આપ્યો કે ખૂબ જ સરસ અને કદાચ યુનિવર્સિટીમાં પ્રથમ નંબર આવી જાય તો પણ નવાઇ નહીં. બાપ આ સાંભળીને ખૂબ ખુશ થયો. થોડી વાર પછી એ યુવકે ફરી પૂછ્યું કે, 'પિતાજી, જો મારો પ્રથમ નંબર આવે તો ફલાણા શૉરૂમમાં રાખવામાં આવેલી હોન્ડાની નવી સ્પૉર્ટ્સ કાર મને ભેટમાં આપશો ખરા?'

બાપે હા પાડી. એના માટે તો આવી કારની ખરીદી એ રમતવાત હતી. પેલો યુવક ખૂબ રાજી થઇ ગયો. એ કાર ખરેખર તો એના માટે ડ્રીમ કાર હતી. એનો વાંચવાનો ઉત્સાહ અનેક ગણો વધી ગયો. મહેનતુ અને હોશિયાર તો એ હતો જ. એ ઉપરાંત એણે સાચા અર્થમાં તનતોડ મહેનત શરૂ કરી દીધી. રોજ કૉલેજથી આવતાં—જતાં એ પેલા શૉ—રૂમ પાસે ઊભો રહી હોન્ડા—સ્પૉર્ટ્સ—કારને બે ક્ષણ જોઇ લેતો. થોડા દિવસો પછી જ આ કારના સ્ટિયરિંગ પર પોતાની આંગળીઓ ફરતી હશે તે વિચારમાત્ર એને રોમાંચિત કરી દેતો. એણે આ અંગે પોતાના મિત્રોને પણ વાત કરી રાખી હતી.

ધારણા પ્રમાણે જ એની પરીક્ષા ખૂબ જ સરસ રહી. યુનિવર્સિટીમાં એ પ્રથમ આવ્યો છે એવી જાણ થતાં જ એણે કૉલેજ પરથી પોતાના પિતાને ફોન કરી દીધો. પોતાની ભેટની વાત પણ યાદ કરાવી દીધી. પછી એ ઘરે જવા નીકળ્યો. જેમ જેમ ઘર નજીક આવતું ગયું તેમ તેમ એના ધબકારા વધવા લાગ્યા. પોતાના આંગણામાં ગોઠવાયેલી સ્પૉર્ટ્સ કાર કેવી સરસ લાગતી હશે એની કલ્પના કરતો એ ઘરે પહોંચ્યો. કમ્પાઉન્ડનો દરવાજો ખોલીને આંગણામાં એણે નજર નાખી, પણ પેલી કાર ક્યાંય દેખાઇ નહીં.

એ થોડોક નિરાશ અને ઉદાસ થઇ ગયો. કદાચ કારની ડિલિવરી પછી લેવાની હશે તેમ વિચારીને એ ઘરમાં દાખલ થયો. નોકરે એને આવીને કહ્યું કે શેઠસાહેબ એમના રૂમમાં એના આવવાની રાહ જુએ છે. દોડતો એ પિતાજીના રૂમમાં પહોંચ્યો. એના પિતાજી જાણે એના આવવાની રાહ જ જોઇ રહ્યા હોય તેવું લાગ્યું. એના આવતાં જ એમણે ઊભા થઇ એ યુવકને ગળે વળગાડ્યો. અમીર બાપનો દીકરો હોવા છતાં બાપના પૈસે તાગડધિન્ના કરવાને બદલે દિલ દઇને ભણવાવાળા દીકરા માટે એમને કેટલું બધું ગૌરવ છે એવું પણ કહ્યું. પછી સુંદર કાગળમાં વીંટાળેલું એક નાનકડું બૉક્સ એને આપીને કહ્યું : ‘દીકરા, આમ જ આગળ વધતો રહે એવા મારા આશીર્વાદ છે. આ લે તારા માટે મારા તરફથી ઉત્તમ ભેટ!’ એટલું કહી બૉક્સ દીકરાના હાથમાં આપી તેઓ પોતાના કામે જવા નીકળી ગયા.

પિતાના ગયા પછી દીકરાએ બૉક્સ ખોલ્યું. જોયું તો એમાં પાકા પૂઠાંવાળું સોનેરી અક્ષરોથી લખાયેલું બાઇબલ હતું.



બાઇબલ બંને હાથમાં પકડીને એ થોડી વાર એની સામે જોઇ રહ્યો. એને અત્યંત ગુસ્સો આવ્યો. બાઇબલ એમ જ ટેબલ પર મૂકીને એ વિચારમાં પડી ગયો. ઘરમાં અઢળક પૈસો હોવા છતાં પોતાની એક જ માગણી પૂરી કરવામાં બાપનો જીવ ન ચાલ્યો એ વાત એને હાડોહાડ કોરી ખાતી હતી. સ્પૉર્ટ્સ કાર અપાવવાની હા પાડ્યા પછી પણ પિતાનો જીવ ન ચાલ્યો એનું એને ખૂબ જ લાગી આવ્યું. એ પોતે પણ સ્વમાની હતો એટલે બીજી વખત પિતા પાસે માગવાનો કે એમને યાદ અપાવવાનો તો સવાલ જ નહોતો પેદા થતો. ઘણો વખત વિચાર કર્યા પછી એણે કાગળ લીધો. એમાં ટૂંકમાં એટલું જ લખ્યું કે, ‘પૂજ્ય પિતાજી, સ્પૉર્ટ્સ કારને બદલે બાઇબલ આપવામાં આપનો કોઇ શુભ ઇરાદો જ હશે એમ માનું છું. પણ મારે સ્પૉર્ટ્સકાર જોઇતી હતી. હું ઘરેથી જાઉં છું. ક્યાં જાઉં છું તે નહીં કહું. જ્યારે તમારી સમકક્ષ પૈસાદાર બની જઇશ ત્યારે જ હવે તમને મોં બતાવીશ. એ જ... ...પ્રણામ.’

ચિઠ્ઠી બાઇબલના બૉક્સ પર મૂકી એ ઘરેથી નીકળી ગયો. નોકરોએ એને પાછો વાળવાની અને ક્યાં જઇ રહ્યો છે એ જાણવાની ખૂબ કોશિશ કરી જોઇ, પરંતુ વ્યર્થ! કોઇને કંઇ પણ કહ્યા વિના એ જતો રહ્યો.

વરસો વીતી ગયાં. યુવકનાં નસીબ ખૂબ સારાં હતાં. મહેનતુ અને હોશિયાર તો એ હતો જ એટલે એણે જે બિઝનેશ શરૂ કર્યો તેમાં તેને અણધારી સફળતા મળી અને એ અતિશ્રીમંત બની ગયો. સુંદર મજાનું ઘર બનાવી એણે લગ્ન પણ કરી લીધાં. વચ્ચે વચ્ચે એને પોતાના પ્રેમાળ પિતા યાદ આવી જતા. પરંતુ એ પ્રેમાળ ચહેરા પાછળ રહેલો કંજૂસ માણસનો ચહેરો એને

તરત જ દેખાતો. માતાના મૃત્યુ પછી પોતે આટલા વરસમાં એક સ્પૉર્ટ્સ—કાર જ માગી અને અઢળક પૈસો હોવા છતાં એના પિતાએ કારને બદલે સુફિયાણી ફિલૉસૉફી ઝાડવા ફક્ત બાઇબલ જ આપ્યું, એ યાદ આપતાં જે એનું મન કડવાશથી ભરાઇ જતું.

પરંતુ એક દિવસ વહેલી સવારથી જ ન જાણે કેમ એને પિતાની યાદ ખૂબ જ આવતી હતી. હવે તો એ ઘણા વૃદ્ધ પણ થઇ ગયા હશે. કંઇ નહીં તો એમની સાથે વાત તો કરવી જ જોઇએ. વૃદ્ધ માણસોને સંતાનોના અવાજથી પણ શાતા વળતી હોય છે. પિતા સાથે ફોન પર વાત કરવાની એને અતિતીવ્ર ઇચ્છા થઇ આવી. આમેય સમયની સાથે દરેક ગુસ્સાનું કારણ નાનું થતું જાય છે અને એકાદ દિવસ એવો પણ આવે કે માણસને એમ થાય કે, 'અરે! આવા નાના અને વાહિયાત કારણ માટે આપણે આટલા બધા ગુસ્સે થયા હતા?!' આવું જ કંઇક એ યુવાનની સાથે બની રહ્યું હતું.

એણે ફોન લઇ પોતાના ઘરનો નંબર ઘુમાવ્યો. સામા છેડે જ્યારે કોઇએ ફોન ઊંચક્યો ત્યારે તો એના ધબકારા ખૂબ વધી ગયા હતા. પિતાજી સાથે પોતે કઇ રીતે વાત કરી શકશે એની અવઢવ સાથે એણે 'હેલો!' કહ્યું. પણ એને નિરાશા સાંપડી. સામા છેડે એના પિતાજી નહોતા પણ ઘરનો નોકર હતો.

નોકરે કહ્યું કે, 'શેઠસાહેબ તો અઠવાડિયા પહેલાં અવસાન પામ્યા. તમે પોતાનું સરનામું જણાવેલ નહીં એટલે તમને જાણ શી રીતે કરી શકાય? પણ મરતાં સુધી તમને યાદ કરીને રડતા હતા. એમણે કહેલું કે તમારો ફોન ક્યારેય પણ આવે તો તમને બધો કારોબાર સંભાળવા બોલાવી લેવા. એટલે તમે આવી



જાવ!'

પેલા યુવક પર તો જાણે વજ્રાઘાત થયો. પોતાના પિતાને એમની છેલ્લી ક્ષણોમાં પણ મળી ન શકાયું એ વાતની વેદનાએ એના હૈયાને વલોવી નાખ્યું. પણ હવે શું થાય? પોતાના ઘરે પાછા જવાની ઇચ્છા સાથે એણે સહકુટુંબ વતન તરફ પ્રયાણ કર્યું.

ઘરે આવીને સીધો જ એ પોતાના પિતાના રૂમમાં ગયો. એમની છબી સામે ઊભા રહેતાં જ એની આંખો વરસી પડી. થોડી વાર આંખ બંધ કરીને એ એમ જ ઊભો રહ્યો. પછી પોતાના રૂમમાં આવ્યો. એની બધી જ વસ્તુઓ બરાબર અને વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. પિતાજી ચોખ્ખાઇ અને સુઘડતાના ખૂબ જ આગ્રહી હતા, એ બરાબર દેખાઇ આવતું હતું. એવામાં એની નજર પોતાના ટેબલ પર પડેલ સોનેરી અક્ષરવાળા બાઇબલ પર પડી, આ એ જ બાઇબલ હતું જેના કારણે એણે ઘર છોડ્યું હતું. એના મનમાંથી પિતાજી માટેની બધી જ કડવાશ ગાયબ થઇ ગઇ હતી. એણે બાઇબલ હાથમાં લઇ ખોલ્યું. પ્રથમ પાના પર જ એના પિતાએ લખ્યું હતું, 'હે ભગવાન! મારા દીકરા જેવા ઉત્તમ સંતાનને ભેટ કઇ રીતે આપવી તે તું મને શિખવાડજે. એણે માગેલ વસ્તુઓ સાથે એને ઉત્તમ સંસ્કારોનો વારસો પણ આપી શકું એવું કરજે.'

એ યુવકને આજે પોતાના પિતાએ લખેલ આ શબ્દો બાઇબલના શબ્દો જેટલા જ મહાન લાગ્યા. એ શબ્દોને ચૂમવા એણે બાઇબલને હોઠે લગાડ્યું. એ જ વખતે એનાં પાનાંઓ વચ્ચે ક્યાંક છુપાયેલ એક નાનકડું કવર નીચે જમીન પર પડ્યું. પેલા યુવાને એ કવર ખોલ્યું. એમાં હોન્ડા—સ્પૉર્ટ્સ—કારની

ચાવી અને સંપૂર્ણ ચૂકતે લખેલું પેલા શૉ–રૂમનું બિલ હતું. એના પર તારીખ હતી : એ પ્રથમ નંબરે પાસ થઈને આવ્યો હતો એ જ દિવસની!..

કંઈકેટલીય વાર સુધી એ નીચે બેસી રહ્યો. પછી હૃદય ફાટી જાય એટલું બધું રડ્યો. ધ્રુસકે ધ્રુસકે. એ પછી કલાકો સુધી સૂનમૂન બની એ પોતાના પિતાજીની છબી સામે જોતો રહ્યો.

ભેટ આપણે ધારીએ એ રીતે મળે તો જ આપણે એનો સ્વીકાર કરીએ એ તો કેવું? વડીલો તો ઠીક, ભગવાન તરફથી જુદી જુદી રીતે પેકિંગ કરાયેલ આવી કેટલી બધી ભેટોનો આપણે અસ્વીકાર કરતાં હોઈશું? કારણ એક જ કે આપણી ધારણા પ્રમાણે એનું પેકિંગ થયું નથી હોતું. બસ! એટલું જ!


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.




# પૂ.માની હરિદ્વાર યાત્રા

**–મયૂરી ટેલર**

(૧૦/૦૩/૨૦૧૫ થી ૩૦/૦૩/૨૦૧૫)

પૂ.મા તારીખ ૧૦ મી માર્ચથી ૨૦ દિવસ માટે હરિદ્વાર. આર્યનિવાસના સ્થાને બિરાજમાન રહ્યાં. તે દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું. આ સમય દરમિયાન પરદેશના આશરે ૧૦૦ જેટલા ભક્તો તથા ભારતના આશરે ૨૫૦ જેટલા ભક્તોએ પૂ.માના તથા શ્રી ગંગાજીના દર્શન–સત્સંગનો લાભ લીધો.

પૂ.માએ કહ્યું.

○ આપણે બધાં શ્રી ગંગાજીની ગોદમાં બેઠાં છીએ.

○ સતત દર્શન, સ્નાન કરવાનું અને ગંગાજીની સ્તુતિ કરવાનું પણ મળે છે.

○ જેને જેને ગંગાજીએ પસંદ કર્યાં છે તેટલાંને જ તેડયાં છે.

○ કેટલાબધાં એવા છે જે ગંગાજી આવી શકતાં નથી.

○ તો આપણું પરમભાગ્ય છે કે દેવોએ જેમનું આચમન કર્યું, દેવોએ જેમાં સ્નાન કર્યું. તે પવિત્ર ગંગાજીની પાસે યથાશક્તિ આપણે રહેવાનાં છીએ.

○ તો થોડીક પ્રાર્થના વધારવાની છે.

○ થોડાક જપ વધારવાના છે.

○ થોડુંક મૌન વધારવાનું છે.

○ ને થોડોક સમય મળે તો અહીં ત્રણ બેઠકમાં હાજર થવાનું છે.

○ બજારમાં જજો આરતીમાં જજો, મનગમતાં ભોજન જમજો પણ અહીં પણ પધારજો.

○ અહીં બેઠેલામાં ઘણાંએ સ્વર્ગારોહણ જોયું નથી, છતાં ગંગાજી ને હરિદ્વારનું નામ સાંભળતાં જ અહીં આવી ગયાં છે.

અહીં શ્રી ગંગાજીએ આપણને તેડયા છે. તેનું મુખ્ય કારણ તો શ્રી જગુભાઇના નવચંડીનો કાર્યક્રમ છે. કેનેડાના શ્રી જગુભાઇ ૫૦ વર્ષથી અતિનિયમિત નવરાત્રિનું વ્રત કરે છે.

○ નવરાત્રિના અંતિમ દિને સહજ જ વાત નીકળી તો સહજ સ્લેટમાં પ્રભુએ લખાવ્યું કે તો—તો વ્રત ઉજવવું પડે.

○ ચાલો ગંગાજી—ત્યાં જ આપણે ઉજવીશું.

○ તે પછી તો કેટલાબધા મહિના વીતી ગયા.

○ છતાં આપણે સૌ આવી શક્યાં. અને ગંગાજીની કૃપા તો જુઓ! આપણને બધાંને તેડી લીધા.

○ પ્રભુની કૃપા હોય તો જ આવી શકાય.

○ પ્રભુની ઇચ્છા ને યોજના પ્રમાણે સૌનાં જીવન ચાલી રહ્યાં છે.

○ સૌને અહીં હાશ મળે, શાંતિ મળે, જપ—પ્રાર્થના—પાઠ સારી રીતે કરી શકે એવી પ્રાર્થના છે.

આ વખતના હરિદ્વાર નિવાસ દરમિયાન શ્રી ગંગાજીનું મહાત્મ્ય પણ સાંભળ્યું. ''પુરાણો મેં ગંગા'' નામના હિન્દી પુસ્તકનું ગુજરાતી અનુવાદ શ્રી રંજનાબેન કર્યું છે. તેમાંથી વાંચન થતું. ''પુરાણો મેં ગંગા''—પુસ્તકમાંથી અધ્યાય ૫માં મુખ્ય સાર આ પ્રમાણે છે.



○ ગંગાજીના દર્શન કરવાથી મનુષ્ય બધાં જ પાપોથી મુક્ત થાય છે.

○ તળાવ, કૂવા કે નદી કે બીજાં જળાશયો વગેરેમાં સ્નાન કરવાથી જે ફળ મળે છે તે ફક્ત ગંગા દર્શનથી ફળ મળે છે.

○ ચાલતાં, બેસતાં, ઉઠતાં ભોજન કરતાં જે નિરંતર ગંગાજીનું સ્મરણ કરે છે તે બંધનમાંથી મુક્ત થાય છે.

○ આરોગ્ય—સંપત્તિ વગેરે ગંગાસ્મરણનું ફળ છે.

○ અશ્રદ્ધાથી પણ જે ગંગા નામનું કીર્તન કરે છે તે સ્વર્ગનો અધિકારી બને છે.

○ ગંગાસ્નાનથી મનુષ્યના જન્માંતરના પાપ નષ્ટ થઇ જાય છે.

પૂ.મા—કોઇ દેવપુરુષ આપણી પારોથી પસાર થઇ જાય તો પણ આપણે તેમને ઓળખી શકતાં નથી.

○ એ રીતે ગંગાજી પાસે આપણે આવી તો ગયા પણ તેના મહિમાને જાણીશું તો જ તેને ઓળખી શકાય.

○ શ્રી ગંગાજીનું પવિત્રજળ સત્યપથમાં એક કાચના પાત્રમાં છે.

○ પૂ.જ્યોર્તિમયીમાતા દર એકાદશીએ ગંગાજીનું આચમન કરતાં—તે ગંગાજળ ૧૯૮૪ થી અમે તો જોઇએ છીએ.

○ એવું જ સ્વચ્છ અને પારદર્શક છે.

○ કાચની બરણીનું ઢાંકણું કાટ ખાઇ ગયું છે પણ ગંગાજી સ્ફટીક જેવાં સ્વચ્છ છે.

○ એટલે જેને જેને શાસ્ત્રોમાં ને મહાપુરુષના વચનોમાં શ્રદ્ધા

છે. તે તે આજના વાંચનથી દરેક લીટી શ્રદ્ધાથી વધાવશે.

○ ગંગાજળ ઉપર લેબોરેટરીનાં પણ ઘણા ટેસ્ટ થાય છે.

○ બેકટેરીયાનો નાશ કરે તેવું તત્ત્વ ગંગાજળમાં છે.

○ એટલે વિજ્ઞાનને વધાવનારા પણ ગંગાજીને વધાવી રહ્યાં છે.

○ શાસ્ત્રમાં ગંગામાતાને પ્રગટ કહ્યાં છે. પ્રગટના દર્શન દિવસના કેટલાંબધાં કલાકો આપણને મળે છે!

○ તો ભૂલ્યા વગર ગંગામાને પ્રેમથી પ્રણામ કરવા.

○ માનસિક રીતે કે શારીરિક રીતે.

○ ગંગાજીનાં દર્શન આપણે નદી તરીકે નહીં, લોકમાતા અને તીર્થની શ્રેષ્ઠ દેવી તરીકે સેવન કરી રહ્યાં છીએ.

○ અહીં ગંગાજીના શ્રીઅંકે બેઠાં છીએ તો આજે નીચે ઘાટ ઉપર ૫૧ પ્રણામના બે પાઠ કરવાના છે.

○ ગંગાજીની સન્મુખ બેસીને પાઠ કરીશું. ને જેની ઈચ્છા હોય તે પ્રણામ પણ કરી શકે.

○ શાસ્ત્રમાં પ્રણામને પણ ખૂબ મહત્ત્વ આપ્યું છે.

○ ઘરમાં રોજના જીવનમાં પણ જો કોઈથી થાક્યા હોય કે કંટાળ્યા હોય તો એક જ શસ્ત્ર છે. (પ્રણામ)

○ તને પગે લાગું ભાઈ! (હાસ્ય)

○ કોઈ જોડે દુશ્મનાવટ હોય ને સુલેહ કરવી હોય તો પણ એક જ શસ્ત્ર છે.

○ ભગવાનને પણ પ્રણામ ગમે, પ્રશસ્તી ગમે, પૂજા ગમે.

○ આપણે તો પ્રગટ શ્રીગંગાજીની સામે જ બેઠાં છીએ.



○ તો ૫૧ પ્રણામના બે પાઠ કરવામાં કયાં કોઈ ખર્ચ છે?

આ દિવસે પ્રભુના અપ્રગટ સાહિત્યનું એક પુસ્તક ‘‘પ્રેમસંગીત’’ સૌના હાથમાં આવ્યું. મા કહે પ્રભુના સાહિત્યનું પહેલું પુષ્પ ગંગાજીના શ્રીઅંકે નવચંડીના મંગલપ્રસંગે અર્પણ કરી રહ્યાં છીએ.

○ આપણે જે સ્તુતિઓ ગાઈએ છીએ તો તે ૨૫% જ ગાઈએ છીએ.

○ આ પ્રેમસંગીતમાં બધી સંપૂર્ણ સ્તુતિઓ છે.

○ એ પ્રેમસંગીતનાં ૫૧ પૃષ્ઠો છે, ત્રણ ખંડમાં વહેંચાયેલું આ પુસ્તક છે.

○ આ આખો ગ્રંથ માત્ર દેવીસ્તુતિનો જ છે.

○ આ ગ્રંથનું આ ભક્તદંપતીએ (શ્રીજગુભાઈ અને નીરૂબેન) બંનેએ ૫૧–૫૧ વખત પારાયણ કરેલું છે. ને સવાલાખ જપ કર્યા છે. (તેમના તરફથી જ આ પ્રસાદ દરેકને પ્રાપ્ત થાય છે.)

પ્રભુના અપ્રગટ સાહિત્યમાંથી બીજું પુસ્તક ‘‘અંતરનો અનુરાગ’’ સૌની પાસે આવે છે.

મા કહે આપણે તો પૂ.શ્રીના સાહિત્યનો પ્રસાદ ઘેર ઘેર પહોંચાડવાનો વિચાર છે.

○ મફત છે માટે પસ્તી માટે પણ ચાલશે એવું માનીને ના લેશો.

○ સંતપુરુષના અક્ષરદેહને પ્રસાદ માનીને વધાવવાનો છે.

○ તમે વાંચી લો એટલે કોઈક નાની લાયબ્રેરીમાં અથવા

કોઈક રસિક વિદ્યાર્થીને પણ આપી શકાય.

(''અંતરનો અનુરાગ''—પુસ્તકમાં પ્રભુએ લખેલા કાવ્યો—ગીતો છે—પદ્યસાહિત્ય)

પૂ.મા સ્લેટમાં લખે છે કે

○ જય જયકારમાં વીરભાવ છે.

○ નમો નમઃમાં પ્રેમભક્તિ છે.

○ જય જયકાર કરતાં નમો નમઃ શરણાગત ભાવે શ્રેષ્ઠ છે.

○ આપણે બધાંએ જય જયકાર કરીને જીવન પૂરું કરી દીધું.

○ પણ શરણાગતભાવ પ્રગટાવવાનો છે.

○ નમો નમઃ કહીને—હું તારા શરણે છું મને ક્ષમા કરો. એવી પ્રાર્થના દરેક નમઃ વખતે માનસિક રીતે કરી શકાય.

○ નવરાત્રિમાં ભોજનનું નહીં ભજનનું ચિંતન કરવાનું હોય છે.

○ જીભને, મનને ના કહી દો. નીચે (જમવામાં)ના જાય.

○ બ્રહ્મને જાણ્યું તેવા બ્રાહ્મણ જ હરતું ફરતું તીર્થ છે.

> કોણ તમારી સાથે છે અને કોણ તમારી સામે છે એવી ભાંજગડમાં કદી પડશો નહીં માત્ર એટલી જ કાળજી રાખો કે ભગવાન તમારી સાથે છે કે કેમ? આનો જવાબ હકારાત્મક મળે તો જગત જખ મારે છે.



# મસૂરીનાં સત્કર્મોમાં શ્રી જગુભાઈનાં બાળકોનો મોટો ફાળો

—રાજુ જાની

પૂ.શ્રી મા સંનિધિમાં તા.૧૦ માર્ચ થી ૩૦ માર્ચ ૨૦૧૫ દરમ્યાન ગંગાજીના પવિત્ર તટપ્રદેશે ભવ્ય નવચંડી યજ્ઞ જગનિર્મલ પરિવારના સહયોગની આયોજીત થયો. પૂ.શ્રી માની કૃપા—આશીર્વાદની આ પવિત્ર ધાર્મિક કાર્યની સાથે જગનિર્મલના ત્રણે બાળકો દ્વારા એક સુંદર સત્કર્મનું આયોજન પણ થઈ શક્યું.

પૂ.શ્રી દ્વારા મસૂરીમાં પ્રારંભ કરાયેલ મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિર વિદ્યાલયના લગભગ પાંચસો બાળકોને ગરમ સ્વેટર શ્રીશિતલભાઈ, શ્રીકેતનભાઈ અને શ્રીસુરજભાઈના આર્થિક સહયોગથી વિતરણ કરાયાં. પ્રતિવર્ષ ૧૮ માર્ચના પવિત્ર દિવસે મસૂરી આર્યસમાજના વ્યવસ્થાપકો દ્વારા શાળાના પ્રાંગણમાં હોમાત્મક યજ્ઞ થાય છે. આ કાર્યની સાથે જ આ સુંદર સત્કર્મને જોડી દેવાયું. આર્થિક રીતે પછાત દૂર દૂરના ખીણ પ્રદેશમાંથી આ શાળામાં આવતા બાળકોને આ એક આગવી જરૂરીયાત હતી, કારણ આ પ્રદેશમાં વર્ષના મોટાભાગના સમય દરમ્યાન ખૂબ ઠંડી પડે છે. વહેલી સવારે ઠંડીમાં શાળાએ આવતા ગરીબ બાળકો માટે પૂ.શ્રીમાના પ્રસાદ સ્વરૂપ આ સ્વેટર સાચે જ હૂંફ ધરનારું બની રહેશે. ત્રણે બંધુઓના આ પ્રસાદ વિતરણથી બાળકોએ સંતોષ અનુભવ્યો.

તો જગનિર્મલનાં પુત્રવધુ નીલાબેને બાળકોને પૂ.શ્રીમાનાં સ્વરૂપો અને પ્રણામ કાર્ડનો પ્રસાદ આપ્યો. તો પૌત્રી નૌકાએ ચોકલેટ/બીસ્કીટનો પ્રસાદ આપી બધાં જ બાળકોને પ્રસન્ન કરી દીધાં. ચોકલેટનો પ્રસાદ સ્વર્ગારોહણની યુવા બ્હેનો તરફથી હતો.

પૂ.શ્રીમાએ દરેક બાળકોને પ્રણામ કાર્ડ આપ્યાં, જેથી બાળકો શાળાએ આવતાં પહેલાં સુંદર નાની નાની પ્રાર્થના દ્વારા ઈશ્વરની કૃપા માટે પ્રણામ પુષ્પ ધરતાં થાય. નાનકડા દ્રષ્ટાએ આ પ્રણામ રોજ કેવી રીતે કરવાના તેનું નિદર્શન બાળકો સમક્ષ કરી બતાવ્યું.

પૂ.શ્રી યોગેશ્વરજી જ્યારે જ્યારે મસૂરી પધારતા ત્યારે તેમનાં પ્રવચનો દરમ્યાન લોકો દ્વારા તેમને અર્પણ થતી લક્ષ્મીજીનો ઉપયોગ તેમણે ક્યારેય પોતાની વ્યક્તિગત જરૂરિયાતો માટે નથી કર્યો. પ્રવચનો દરમ્યાન એકત્રિત થતી રકમ તેઓ મસૂરીની શાળાના ગરીબ વિદ્યાર્થીઓની ફી ભરવા કે પુસ્તકો ખરીદવા સહાય માટે કરતા. તેમની આ દિવ્ય પ્રવૃત્તિથી પ્રેરાઈને સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેમના આ કાર્યને આગળ વધારવા આ વર્ષથી એક નવા સત્કાર્યનો પ્રારંભ કર્યો.

મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિર વિદ્યાલયનાં બધા જ બાળકો માટે એક સુંદર યોજનાનો પ્રારંભ પૂ.શ્રી યોગેશ્વરજીના દિવ્ય સ્વરૂપ પ્રાગટ્યદિને—૧૮ માર્ચ ૨૦૧૫ થી પ્રારંભ કરાયો.

શાળાના ધોરણ ૧ થી ૧૧ સુધીના બધા જ વર્ગોમાં જે વિદ્યાર્થીઓ પ્રથમ આવે તેમને આખા વર્ષથી શાળાની ૧૦૦ ટકા ફી શિષ્યવૃત્તિ સ્વરૂપે અપાઈ—તો બીજા ક્રમે આવેલ



બાળકને વર્ષની ૫૦ ટકા ફી શિષ્યવૃત્તિ તરીકે અપાઈ. આ કાર્ય માટેનો પ્રથમ વર્ષનો આર્થિક સહયોગ પણ શ્રી જગનિર્મલના ત્રણે બાળકોએ જ આપી આ સુંદર સત્કર્મના પ્રારંભનું શ્રેય પ્રાપ્ત કર્યું. પ્રથમ વર્ષે ૨૦ જેટલા બાળકોને શિષ્યવૃત્તિની સાથે ખૂબ આકર્ષક મેરિટ સર્ટિફીકેટ, પૂ.શ્રીમાની પરિચય પુસ્તિકા, પૂ.શ્રીમાની હિન્દીમાં પ્રગટ થયેલી શૈશવ કથા, પૂ.પ્રભુમાનાં સ્વરૂપો, પ્રણામ કાર્ડ, દફતર કીટ, કંપાસ બોક્સ તેમજ અન્યપ્રસાદ પણ અપાયો. આ પ્રસંગે શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરનાર બે બાળકોએ તેમને મળેલા આવા સુંદર પ્રોત્સાહન માટે પૂ.શ્રીમાનો હૃદયપૂર્વક આભાર માન્યો તો બાળકોના માતાપિતાએ પણ કૃતજ્ઞતા વ્યક્ત કરી.

**શાળાના મકાન માટે સહાય :** આચાર્ય અને વ્યવસ્થાપકોના આશ્ચર્ય વચ્ચે પૂ.શ્રીમાની પ્રેરણાથી હરિદ્વાર આવેલા ૧૦૪ ભક્તો દ્વારા શાળાના નવા ભવનના નિર્માણ કાર્ય માટે રૂા. ૧૦ લાખ જેટલી રકમનો સહયોગ ધરાયો. પૂ.શ્રીમાએ તેમના વિદેશ નિવાસ દરમ્યાન પણ વિદેશના ભક્તોના સહયોગથી શાળાના ભવનનિર્માણ કાર્ય માટે ઓક્ટો. ૨૦૧૪માં રૂા. ૧૧ લાખ મોકલાવેલા. જે માટે વ્યવસ્થાપકોએ ભક્તોનો તેમજ પૂ.શ્રીમાનો હૃદયપૂર્વક આભાર માન્યો.

### દશરથાચલ પાસેનાં ગામોનાં બાળકોને મદદ

આવો જ એક અન્ય સત્કર્મ કાર્યક્રમ દેવપ્રયાગ જે પૂજ્યશ્રી યોગેશ્વરજીની તપોભૂમિ છે ત્યાં પણ તા.૨૨ માર્ચ ૨૦૧૫ના દિવસે યોજાયો. દેવપ્રયાગથી દશરથાચલ પર્વત (જ્યાં પૂજ્યશ્રીએ તપ કર્યું) જવાના માર્ગમાં નાનાનાના ચાર ગામો

આવેલાં છે તે ગામોના પ્રાથમિક શાળાના ૩૦૦ બાળકોને નજીકના એક ગામમાં આમંત્રિત કરી સૌ બાળકોને ગરમ સ્વેટર, ટોપી, દફતર, કંપાસ, ટુવાલ, સ્ટીલની ડીશ. ગ્લાસ, ફ્રૂટીની બોટેલ, બીસ્કીટ તેમજ ચોકલેટ અને ચીકીનો પ્રસાદ વિતરણ કરાયો. જે સ્થળે કાર્યક્રમ ગોઠવાયો ત્યાં બસો જઈ શકે તેમ ન હોવાં છતાં લગભગ ૭૦ જેટલાં સાધકભાઈ બ્હેનો ત્રણ/ચાર કી.મી. પદયાત્રા કરીને સત્કર્મમાં સેવા આપવા પહોંચ્યા. તે દ્વારા દશરથ પદયાત્રાની નાની ઝલક પણ તે સૌને મળી રહી.

**બીજાં સત્કર્મો**

પૂ.શ્રીમાએ ઋષિકેશમાં ચાલતી સંસ્કૃત પાઠશાળાના બાળકોને પણ તા. ૨૮ માર્ચે આમંત્રિત કરી, ભોજન સાથે ઉપરોક્ત પ્રસાદ ભક્તોનાં હસ્તે વિતરણ કરાવ્યો તે જ રીતે તા.૨૯મી માર્ચે મસૂરીથી પૂ.શ્રીમાના દર્શને આવેલા બાળકો/ભક્તો/અને શાળાના શિક્ષકોને પણ પ્રસાદ અપાયો. એટલું જ નહીં કેટલાંક બાળકો તે જ દિવસે કોઈ પરીક્ષા કાર્યમાં વ્યસ્ત હોવાથી ઈચ્છા હોવા છતાં પૂ.શ્રીમાના દર્શને ન આવી શક્યાં તો તે બધા જ ૧૦૦ જેટલાં બાળકો માટે પૂ.શ્રીમાએ બધો જ પ્રસાદ, દફતર કીટ ટુવાલ, કંપાસ વગેરે સાથે યાદ કરી પહોંચાડ્યો.

પૂ.શ્રીમાની કૃપા આશિષથી આ રીતે હરિદ્વારના વીસ દિવસના નિવાસ દરમ્યાન સત્સંગ આનંદ સાથે સત્કર્મમાં સહયોગ સેવા ધરવાનો લાભ પણ યાત્રામાં જોડાયેલ સહુને મળ્યો, જે તેઓના જીવનનું એક સરસ સંભારણું બની રહેશે.



# પાકિસ્તાન ભારતીય રીતે યોગ શીખી રહ્યું છે

**–શમ્મી સરીન**

દિવ્ય ભાસ્કર, અમદાવાદે એક સરસ પહેલ કરી છે. અઠવાડિયાના પહેલાં દિવસે એટલે સોમવારે–તે પોતાના અખબારમાં કોઈ નેગેટીવ ન્યુઝ–નકારાત્મક સમાચાર છાપતું નથી. એટલે સમાજમાં જે જે ખરાબીઓ છે–જેવી કે ચોરી, છેતરપીંડી, બળાત્કાર, લૂટફાટ આત્મઘાત, ચારિત્ર્યશિથિલતાનો કોઈ સમાચાર છાપતું નથી. તે દિવસના અખબારમાં સમાજના કે દેશના ખૂણેખાંચરે બની રહેલ સારા ઘટનાઓને જ પ્રસિદ્ધિ આપે છે.

નીચે જણાવેલ ઘટના પણ તે નીતિના ભાગરૂપ છે–જેનું પ્રકાશન ૧૮–૦૫–૨૦૧૫ને સોમવારના અંકમાં થયું છે. આપણે જાણીએ છીએ કે પાકિસ્તાન ભારતનું કેટલું વિરોધી છે. છતાં ત્યાં પણ કોઈક વ્યક્તિ સારા છે, જે સત્યને સમજે છે ને સારું જીવનમાં અનુભવી, બીજાંઓને પીરસે છે. **–તંત્રી**

કદાચ સાંભળવામાં અટપટું લાગે પણ સત્ય છે. લાહોરની એક વ્યક્તિ શમશાદ હૈદર હાલમાં પાકિસ્તાની આર્મીને યોગ શીખવી રહી છે. લશ્કર જ નહીં ક્લબો, હોસ્પિટલો અને ઓપન કેમ્પ દ્વારા હજારો લોકોને પણ ૧૧ વર્ષથી યોગની ટ્રેનિંગ આપવામાં આવે છે. પત્ની શુમાઈલા અને લગભગ ૬૮ જેટલા શિષ્યો તેમને મદદ કરી રહ્યા છે.

આથી પાકિસ્તાન શમશાદને હવે ‘યોગી’ કહેવામાં આવે છે. દરવેશ એટલે કે સન્યાસીઓના ખાનદાન યોગી.

શમશાદ જણાવે છે કે તેમના કુટુંબમાં ઘણા દરવેશ થયા છે.

તો પછી તમે યોગી કઇ રીતે થઇ ગયા? આ અંગે વિસ્તારપૂર્વક જણાવતા તેઓ કહે છે કે તેઓ અગાઉ વાતેવાતે ગુસ્સે થઇ જતા હતા. દરેક વખતે અજબ પ્રકારની અકળામણ રહેતી કદાચ કોઇ અધૂરી શોધ બેચેન કરતી હતી. બસ તેને શોધવા તેઓ ભારત આવ્યા. આ ૧૫–૧૬ વર્ષ પહેલાંની વાત છે. થોડો સમય હરિદ્વારમાં વિતાવ્યું. ત્યારબાદ હરતા–ફરતા મહારાષ્ટ્રના ઇગતપુરી પહોંચ્યા. ત્યાં સાંભળેલું કે સત્ય નારાયણ ગોયેન્કા વિપશ્યના ધ્યાન શીખવે છે. તેમણે પણ ત્યાં જવાનું શરૂ કર્યું. ત્યારે લાગ્યું કે તેમની શોધ અહીં પૂરી થઇ છે. ત્રણ વર્ષની તાલીમ બાદ તેઓ લાહોર પરત ફર્યા ત્યારે એમને શાંતિ લાગતી હતી. હવે આ જ વસ્તુ અન્ય લોકો સુધી પહોંચાડવાની જરૂર હતી. તેમના કુટુંબમાં થયેલા દરવેશોએ પણ આ જ કર્યું હતું. પહેલાં ઉપાય શોધવો અને પછી તેની રોશની ચોમેર પ્રસરાવવી. ૨૦૦૪થી તેમણે પણ પ્રારંભ કર્યો. પહેલાં તો લોકોએ વિરોધ કર્યો. કેટલાક તો તેમની વિરુદ્ધ થઇ ગયા. પરંતુ જ્યારે લોકોએ જોયું કે યોગથી બીમારીમાં પણ રાહત મળે છો તો સૌ ચુપ થઇ ગયા. પછી તો લોકો ભેગા થતા ગયા.

**ઓમકારથી સવારનો પ્રારંભ :**

શમશાદ જણાવે છે કે તેઓ ભારતીય રીતે જ યોગ શીખવાડે છે. દરેક સવારની શરૂઆત ઓમકારથી થાય છે. ત્યારબાદ સૂર્યનમસ્કાર, પ્રાણાયામ અને યોગાસનનો વારો આવે છે. શુમાઇલા પરિવર્તનનો અહેસાસ કરાવતા જણાવે છે કે અગાઉ વધુને વધુ નાણા કમાવવાની તમન્ના રહેતી હતી. પરંતુ જિંદગીમાં યોગ દાખલા થતા જ લાલચ જતી રહી છે અને ખૂબ શાંતિનો અનુભવ થાય છે.



# મારું પુસ્તક યુવાનોમાં છુપાયેલા વિજ્ઞાનીને બહાર લાવશે

**–ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એપીજે અબ્દુલ કલામ સાથે વાતચીત**

(ડૉ. કલામ ભારતના ભૂતપૂર્વરાષ્ટ્રપતિ છે. અકસ્માતે તેઓ રાષ્ટ્રપતિ બન્યા. શિક્ષક છે. તેમનો લાભ આ દેશને મળે, તેટલું સદ્‌ભાગ્ય.)

–તંત્રી

**'રિઇગ્નાઇટેડ' :** આ પુસ્તક ઇગ્નાઇટેડ માઇન્ડની સિક્વલ છે. તેના કોરાઇટર છે સૃજનપાલ સિંહ. પુસ્તક વિશે સિંહે જણાવ્યું હતું કે તેઓ અને ડૉ. કલામ તેના માટે વિજ્ઞાન સાથે જોડાયેલા દુનિયાભરના બેસ્ટ લોકોને મળ્યા હતા. તેમના અનુભવો જાણ્યા હતા. તેમાં છ વર્ષ લાગ્યાં હતાં. ઘણી પ્રયોગશાળાઓમાં ગયા હતા. ત્યાંથી કન્ટેન્ટ એકત્ર કરી હતી. અમે તેને લખવા દરમિયાન વર્તમાનની બારીમાંથી ભવિષ્યમાં ડોકિયું કરવાનો પ્રયાસ કર્યો છે. સિંહે જણાવ્યું હતું કે ડૉ. કલામ ક્યારેય પોતાનું કોઇ પુસ્તક લોન્ચ નથી કરતા. આ પુસ્તક પણ ૧૫ મેથી ઉપલબ્ધ છે. લોન્ચ ઇવેન્ટ પર પૈસા ખર્ચવાની જગ્યાએ તેઓ પુસ્તકની કિંમત ઓછી રાખે છે. આવતા દોઢ મહિનામાં તેનું હિન્દી વર્ઝન પણ આવી જશે.

**નિગેટિવિટી કઇ રીતે દૂર થશે પોઝિટિવિટી કઇ રીતે આવશે**

નાની–નાની વસ્તુઓથી પોઝિટિવિટી આવી શકે છે. એક ઘટના સંભળાવું છું. હું એક વાર ઇઝરાયલમાં હતો. ત્યાં હમજાએ મોટો આંતકવાદી હુમલો કર્યો હતો. બીજા દિવસે તમે

અખબાર પાસેથી શું આશા રાખશો આ જ ને કે તે આતંકવાદી હુમલાના મસમોટા સમાચાર છાપે. બોલો... પણ ત્યાં એક અખબારે તેમ નહોતું કર્યું. મેં જોયું કે તે અખબારે એક ખેડૂતના સમાચાર છાપ્યા હતા. તે ખેડૂત રશિયાનો હતો અને ઈઝરાયલમાં આવીને વસી ગયો હતો. તેણે ઓછા પૈસામાં ઘણાંબધા શાકભાજી ઉગાડ્યાં હતાં. તમે પણ આ એફર્ટ કરી રહ્યાં છો. ખૂબ સારું છે. આપણો દેશ ઘણો મોટો છે. ઘણું બધું સકારાત્મક છે અને થઈ રહ્યું છે. તમે જુઓ તો ખરા. હું તો કહીશ કે દર અઠવાડિયે નહીં, દરરોજ નો નેગેટિવ અખબાર નીકળવું જોઈએ.

**તમને નથી લાગતું તે આપણી સામૂહિક વિચારસરણિ બદલાઈ છે**

બાળપણની વાર્તા બતાવું છું. ૧૯૪૧ની વાત છે. હું પાંચમા ધોરણમાં હતો ત્યારે આપણે ત્યાં બ્રિટિશ રાજ હતું. મારા જે ટીચર હતા. મિ. અય્યર. તેઓ બ્લેકબોર્ડ પાસે ગયા અને બતાવ્યું કે એક પક્ષી કેવી રીતે ઊડે છે. તેઓ તેની સાથે સંબંધિત વિજ્ઞાની વાતો બતાવી રહ્યા હતા. તેઓ તમિળ અને સંસ્કૃતના જ્ઞાની હતા પરંતુ સાયન્સના શ્રેષ્ઠ શિક્ષક હતા. તેઓ એવું વિચારતા ન હતા કે હાલમાં કોની સરકાર છે, કોણ દેશ ચલાવી રહ્યો છે, કોણ નહીં. તેઓ માત્ર ભણાવવા પર ધ્યાન આપતા હતા. ગ્રેટ ટીચર.

**તો શું હાલમાં એવા ટીચર નથી?**

છે, પરંતુ તેમની સંખ્યા બહુ ઓછી છે. યુવાઓએ અય્યર જેવા ટીચર બનવાની કોશિશ કરવી જોઈએ.

**તમારું નવું પુસ્તક પણ યુવાનો પર છે**



હા. તે યુવાનો પર છે. નામ રિઈગ્નાઈટેડ છે. આ જ સપ્તાહે આવી છે. અમે તેમાં યુવાનોની અંદર રહેલા વિજ્ઞાનીને બહાર લાવવા માટે કામ કર્યું છે.

**પ્રશ્ન : તમને શું પસંદ છે ટીચર બનવું કે પ્રેસિડેન્ટ બનવું?**

મને ટીચર બનવાનું વધું સારું લાગે છે. હું યુવાનો સાથે વાત કરું છું. ભણાવું છું. આઈઆઈએમ અમદાવાદમાં, અન્ય ઘણી બધી કોલેજોમાં. હું દર મહિને યુવાનોને મળવા ઘણી બધી જગ્યાએ જઉં છું. હાલમાં તો ઔરાંગાબાદથી પાછો ફર્યો છું.

**ઉત્તરપ્રદેશને તમે તાજેતરમાં જ ડેવલપમેન્ટ ફંડ આપ્યું છે**

મેં તમને પોતાના '૯ પાથ–વે' આપ્યા છે. તેમાં પીવાનું પાણી, ગામમાં નેક્સ્ટ જનરેશન લીડર તૈયાર કરવા, સોલર એનર્જી, સ્કિલ ડેવલપમેન્ટ, ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ પ્લાન, વેસ્ટ ટુ વેલ્થ, સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપ મિશન, સેફ્ટી–સિક્યુરિટી અને મોબાઈલ ગવર્નન્સનો સમાવેશ થાય છે.

**નોંધ :** યુવાન જિજ્ઞાસુ દીકરા–દીકરીઓ માટે આ જાણવું જરૂરી છે, તેથી મૂક્યું છે.

"એક જીવન એવું જીવીશ કે રડતાં લોકોને હસાવીશ"
"એક મૃત્યુ એવું વરીસ કે હસતાં લોકોને રડાવીશ"
ને એક કામ પરોપકારનું એવું કરીશ કે જમાનાઓ સુધી
સૌની યાદોમાં વસી જાય.